PRGI NO. GJGUJ/25/A31283

Bharuch

# ન્યુઝ આઈ

દૈનિક

માલીક, પ્રકાશક, તંત્રી : નિરવ અનિલભાઈ પંડ્યા, મો.૯૪૨૯૯ ૪૭૭૯૯
Owner, Publisher, Editor: Nirav Anilbhai Pandya, Mo.:-94299 47799.

Volume/Year-01 ● Issue-82 ● Date: 16-04-2026 ● THURSDAY ● Page: 04 • Price: Rs.04/-

રજી. કાર્યાલય :- બી-૧૩, ભાવના ફાર્મ, રાજપીપલા રોડ, અંકલેશ્વર, જિ. ભરૂચ-૩૯૩૦૦૨.
Regd. Off. : B-13, Bhavna Farm, Rajpipla Road, Ankleshwer, Dist.Bharuch-393002.

www.newseye.co.in

Email:- newseyedaily26@gmail.com, newseye11@yahoo.com

### હોર્મુઝ બ્લોક કરવા US એ ૧૦૦૦૦ સૈનિક ખડક્યા

# અમેરિકાની નાકાબંધીથી ઈરાનને રોજનો રૂ.૪૦૦૦ કરોડનો ફટકો



(સંપૂર્ણ સમાચાર સેવા)
તહેરાન, તા.૧૫

અમેરિકાએ હોર્મુઝની નાકાબંધી કરતાં ઈરાનને રોજનો રૂ. ૪૦૦૦ કરોડનો ફટકો પડી રહ્યો છે. ઈરાનના અર્થતંત્ર માટે આ નાકાબંધી મોટો ફટકો સાબિત થઈ શકે છે. ટ્રમ્પે ૧૩ એપ્રિલથી ઈરાનની નાકાબંધીની જાહેરાત કરી હતી. પાકિસ્તાનમાં ઈરાન સાથેની ૨૧ કલાકની શાંતિ મંત્રણા નિષ્ફળ ગયા પછી ઈરાનની નાકાબંધી કરવાની જાહેરાત કરી હતી. અમેરિકાએ માત્ર ઈરાનના બંદરો પર જતા જહાજોની નાકાબંધી માટે અમેરિકાએ ૧૦ હજાર સૈનિકો અને જહાજો ખડક્યા છે. જોકે, આ સિવાયના જહાજોને જવા દેવામાં આવે છે.અમેરિકાએ હોર્મુઝની નાકાબંધી શરૂ કરી છે ત્યારે ભારતના હજી પણ ૧૫ ટેન્કર ત્યાં ફસાયેલા છે. અત્યાર સુધી ઈરાને ભારતીય જહાજોને છૂટ આપી હોવાથી ઘણા ભારતીય જહાજ હોર્મુઝની ખાડી પાર કરવામાં સફળ રહ્યા છે, પરંતુ હવે અમેરિકાની નાકાબંધીના કારણે ભારતની ચિંતા વધી ગઈ છે. જો કે ભારતે આશા છોડી નથી અને જહાજોને લાવવાના પ્રયત્ન જારી છે.જો કે અમેરિકાની નાકાબંધી છતાં પણ અમેરિકા દ્વારા પ્રતિબંધિત ચીની ટેન્કર રિચ સ્ટારી નાકાબંધી શરૂ થયા પછી હોર્મુઝ પાર કરનારું પ્રથમ જહાજ બન્યું છે. ઈરાન સાથે કારોબાર કરવાના લીધે ટેન્કર અને તેના માલિક શાંઘાઈ જુઆનરુ શિપિંગ કંપની પર અમેરિકાએ પ્રતિબંધ લગાવ્યો હતો. ચીની જહાજ પછી બીજું જહાજ લાઈબેરિયાના ધ્વજવાળુ ક્રિસ્ટિયાના કેરિયર ત્યાંથી પસાર થયું હતું. તેણે ઈરાનના બંદર પર મકાઈ અનલોડ કરી હતી. આ સિવાય અન્ય જહાજ કોરોમોસ લારાક આઈલેન્ડ પાસેથી પસાર થયું હતું. જ્યારે યુએસ સેન્ટ્રલ કમાન્ડનો દાવો છે કે કોઈપણ શિપ પસાર થયું નથી. ઈસ્લામાબાદ મંત્રણા નિષ્ફળ ગયા પછી અમેરિકા-ઈરાન વચ્ચે આગામી મંત્રણા પાકિસ્તાનમાં ઈસ્લામાબાદ કે જિનિવામાં યોજાઈ શકે છે. જો કે મહદઅંશે તે પાકિસ્તાનમાં યોજાય તેવી પૂરી સંભાવના છે. ટ્રમ્પ અને વેન્સે ડીલની દિશામાં આગળ વધવાના સંકેત પાઠવ્યા છે. આ મંત્રણા આગામી એક કે બે દિવસમાં યોજાઈ શકે છે. આ દરમિયાન આતંકી સંગઠન હીઝબુલ્લાહે જણાવ્યું હતું કે લેબનોન-ઈઝરાયેલ વચ્ચેની મંત્રણાની કોઈપણ વાત તેમને લાગુ પડતી નથી. ઈઝરાયેલ અને લેબનોન વચ્ચે ૧૯૪૮ પછી પહેલી વખત સીધી મંત્રણા યોજાઈ રહી છે. ઈઝરાયેલના પીએમ નેતન્યાહુએ જણાવ્યું છે કે તેઓ કોઈપણ ભોગે હીઝબુલ્લાહનું નિશસ્ત્રીકરણ કરવા માંગે છે. હીઝબુલ્લાહને કેટલા અંશે ખતમ કરી શકાય અથવા તો તેનું નિશસ્ત્રીકરણ કરી શકાય તેના પર જ લેબનોનમાં શાંતિનો આધાર રહેલો છે. આના લીધે જ અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ છતાં ઈઝરાયેલે લેબનોન પર હુમલા જારી રાખ્યા છે. ઈઝરાયેલનો દાવો છે કે ગયા સપ્તાહના હુમલામાં તેણે હીઝબુલ્લાહના ૨૫૦થી વધુ આતંકીઓને ખતમ કર્યા છે. આ દરમિયાન ચીને અમેરિકાના હોર્મુઝની નાકાબંધી કરવાના પગલાને જોખમી અને બેજવાબદાર પગલું ગણાવ્યું છે. તેની સાથે તેણે ઈરાનને કોઈપણ પ્રકારની લશ્કરી સહાય પૂરી પાડતા હોવાનો પણ ઈન્કાર કર્યો છે. આ બધા વચ્ચે અમેરિકાના શ્રમવિભાગે જણાવ્યું હતું કે તેનો પ્રાઈસ ઈન્ડેક્સ વધીને ફેબ્રુઆરીના ૦.૫ ટકાથી વધીને માર્ચ ૨૦૨૫માં ચાર ટકા થયો છે. જ્યારે એનર્જી પ્રાઈસીસ ફેબ્રુઆરીથી ૮.૫ ટકા વધ્યા છે. આઈઈએની આગાહી છે કે ઓઈલની માંગ રોગચાળા વખતે ઘટી હતી તેના કરતાં પણ વધુ ઘટશે.

## અમેરિકા-ઈરાન વચ્ચે વધુ એક મંત્રણા આગામી દિવસોમાં ઈસ્લામાબાદ કે જિનિવામાં યોજાઈ શકે : ટ્રમ્પે તૈયારી બતાવી

## છત્તીસગઢ પાવર પ્લાન્ટ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં કુલ ૧૯ શ્રમિકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાંચી, તા.૧૫

છત્તીસગઢના શક્તિ જિલ્લામાં વેદાંત પાવર પ્લાન્ટમાં ગઈકાલે બોયલર ફાટ્યા બાદ ભયાનક વિસ્ફોટ થયો હતો. આ દુર્ઘટના એટલી ભયાનક હતી કે, આસપાસમાં અફરાતફરી મચી ગઈ હતી. આ ઘટનામાં અત્યાર સુધીમાં ૧૯ શ્રમિકોના કરૂણ મોત થયા છે અને મૃત્યુઆંક હજી પણ વધવાની આશંકા સેવાઈ રહી છે. આ દુર્ઘટનામાં ૩૫થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝી ગયા હોવાનું સામે આવ્યું છે. બીજીરતફ કંપનીએ મૃતકના પરિજનોને ૩૫-૩૫ લાખ રૂપિયાની વળતર આપવાની જાહેરાત કરી છે.

એકસાથે મોટી સંખ્યામાં શ્રમિકોના મોત થવાને કારણે હોસ્પિટલોમાં હૃદયદ્રાવક દ્રશ્યો સર્જાયા છે.

# સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા

(સંપૂર્ણ સમાચાર સેવા)
પટણા, તા.૧૫

બિહારમાં ભાજપે ઈતિહાસ રચ્યો છે. ૭૫ વર્ષમાં પહેલીવાર રાજ્યમાં ભાજપના મુખ્યમંત્રી બન્યા છે. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા. રાજ્યપાલ સૈય્યદ અતા હસનૈને તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. તેમણે બિહારના ૨૪માં મુખ્યમંત્રી તરીકે શપથ લીધી. સમ્રાટ ચૌધરીએ બિહારના મુખ્યમંત્રી પદના શપથ લીધા જ્યારે જેડીયુના કોટાથી વિજયકુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે ડેપ્યુટી સીએમ તરીકે શપથ લીધા. આજે ફક્ત આ ત્રણ નેતાઓના જ શપથગ્રહણ થયા. આ ભવ્ય શપથગ્રહણ સમારોહમાં ભાજપના અધ્યક્ષ નીતિન નબીન, કેન્દ્રીયમંત્રી જેપી નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતનરામ માંઝી ખાસ હાજર રહ્યા હતા. શપથગ્રહણ સમારોહમાં પૂર્વ મુખ્યમંત્રી નીતિશકુમાર પણ હાજર રહ્યા. શપથ લેતા પહેલા સમ્રાટ ચૌધરી મંદિર ગયા અને ત્યાં પૂજાપાઠ પણ કર્યા હતા. મંગળવારે સાંજે ભાજપે આ વખતે વધુ ન ચોંકાવતા વિધાયક દળના નેતા તરીકે સમ્રાટ ચૌધરીને ચૂંટ્યા હતા. આ સાથે જ હવે બિહારમાં સમ્રાટ યુગ શરૂ થશે.

સમ્રાટ ચૌધરીના નામ પર નીતિશકુમાર પણ રાજી હતા. મંચ પરથી તેમણે અનેક વખત ઈશારામાં સમ્રાટને આગળ પણ વધારેલા હતા. સીએમ પદ મળ્યા બાદ સમ્રાટ ચૌધરીએ કહ્યું હતું કે વિધાયક દળની બેઠકમાં નીતિશકુમારે પોતે જ તેમના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને તેમને આશીર્વાદ આપ્યા હતા. બિહારના રાજકીય ઈતિહાસમાં એક નવો અધ્યાય લખાયો છે. સમ્રાટ ચૌધરીએ પટનાના લોકભવનમાં આયોજિત એક ભવ્ય સમારોહમાં બિહારના ૨૪મા મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ ગ્રહણ કર્યા છે. રાજ્યપાલ સૈયદ અતા હસનૈને તેમને શપથ લેવડાવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, બિહારના ઈતિહાસમાં આ પ્રથમ વખત બન્યું છે જ્યારે ભારતીય જનતા પાર્ટીના કોઈ નેતાએ મુખ્યમંત્રી પદની જવાબદારી સંભાળી હોય. સમ્રાટ ચૌધરીની સાથે ત્નદ્ધે ક્વોટામાંથી વિજય કુમાર ચૌધરી અને બિજેન્દ્ર પ્રસાદ યાદવે નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આજના કાર્યક્રમમાં માત્ર આ ત્રણ નેતાઓના જ શપથ લેવામાં આવ્યા છે, શપથ સમારોહમાં હાજરી આપવા માટે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીન, કેન્દ્રીય મંત્રી જે.પી. નડ્ડા, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝી જેવા નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમ્રાટ ચૌધરીની વાત કરીએ તો તેમનું કોઈ આરએસએસ બેકગ્રાઉન્ડ કે પહેલેથી ભાજપમાં હતા એવું નહતું. પરંતુ આમ છતાં બિહારમાં પહેલીવાર ભાજપના સીએમ અને એ પણ તેમના નામે કળશ ઢોળાયો. સમ્રાટ ચૌધરીએ પોતાની રાજકીય ઈનિંગની શરૂઆત લાલુ પ્રસાદ યાદવની આરજેડીથી કરી હતી. ત્યારબાદ જેડીયુમાં થઈને ૮ વર્ષ પહેલા ભાજપમાં જોડાયા હતા. આરજેડી અને જેડીયુમાં હતા ત્યારે સમ્રાટ ચૌધરી વિધાયક અને મંત્રી જરૂર બન્યા હતા પરંતુ રાજનીતિક બુલંદી ભાજપમાં આવીને મેળવી. સમ્રાટ જે સ્પીડથી આગળ વધ્યા તમામ ભાજપના નેતાઓને તેમણે પાછળ છોડ્યા અને આજે તેઓ ભાજપના મુખ્યમંત્રી બન્યા. બિહારના રાજકારણમાં સમ્રાટ ભાજપના કુશળ રણનીતિકાર અને પછાત વર્ગના ચહેરા તરીકે આગળ આવ્યા. નીતિશની એનડીએમાં વાપસી થતા સમ્રાટ ચૌધરી ભાજપના કોટામાંથી ડેપ્યુટી સીએમ બન્યા હતા. તેમણે રામલલ્લાને પાઘડી સોંપી અને નીતિશના રાજકીય વારસદાર તરીકે પોતાને મજબૂત કરવામાં મહેનત કરી.

### યુદ્ધને લીધે એશિયા-પેસિફિક પર ૨૯૯ અબજ ડોલરનો બોજ પડશે: સંયુક્ત રાષ્ટ્રની સંસ્થા

# ખાડી યુદ્ધથી ભારતમાં ૨૫ લાખ લોકો પર ગરીબીમાં ધકેલાવાનું જોખમ: UNDP

(સંપૂર્ણ સમાચાર સેવા)
સંયુક્ત રાષ્ટ્ર, તા.૧૫

પશ્ચિમ એશિયામાં છેલ્લાં દોઢ મહિનાથી પણ વધુ સમયથી ચાલી રહેલી લડાઈની અસર ભારત સહિત સમગ્ર વિશ્વ પર વર્તાઈ રહી છે. સંયુક્ત રાષ્ટ્રના એક અહેવાલ પ્રમાણે ઈરાન, અમેરિકા અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધને પગલે સમગ્ર વિશ્વમાં કુલ ૮૮ લાખ જ્યારે ભારતમાં ૨૫ લાખથી વધુ લોકો ગરીબીમાં ધકેલાવાનું જોખમ સર્જાયું છે. આ ઉપરાંત તેની અસર માનવ વિકાસની વૃદ્ધિ પર પણ પડશે. રિપોર્ટ અનુસાર, આ યુદ્ધને કારણે એશિયા-પેસિફિક પર ૨૯૯ અબજ ડોલરનો જંગી બોજ આવશે. યુનાઈટેડ નેશન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ (યુએનડીપી) દ્વારા તૈયાર કરાયેલાં 'મધ્યપૂર્વમાં સૈન્ય કાર્યવાહીઃ સમગ્ર એશિયા અને એશિયા પેસિફિકના માનવ વિકાસ પર અસર' નામના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, આ યુદ્ધને કારણે ઈંધણ, નૂર ભાડાં તથા પડતર ખર્ચમાં વધારો થવાને કારણે તથા લોકોની ખરીદશક્તિમાં થનારા ઘટાડાને કારણે એશિયા તથા એશિયા પેસિફિકમાં માનવ વિકાસ પર દબાણ સર્જાશે. અહેવાલ અનુસાર, સૈન્ય સંઘર્ષ અને તેની અસરોને કારણે ભારતમાં ગરીબીમાં મોટો વધારો થવાની આશંકા સેવાઈ રહી છે. ભારતમાં ગરીબોની સંખ્યા ૪ લાખથી વધીને ૨૫ લાખ સુધી પહોંચી શકે છે. જ્યારે વૈશ્વિક સ્તરે આ સંઘર્ષના પરિણામે ગરીબીમાં ધકેલાનારા લોકોની સંખ્યા ૧૯ લાખથી વધીને આશરે ૮૮ લાખ થવાનો અંદાજ છે, જેમાં દક્ષિણ એશિયાનો હિસ્સો સૌથી મોટો રહેશે. દક્ષિણ એશિયામાં ૧૭ લાખથી ૮૦ લાખ લોકો ગરીબીનો ભોગ બની શકે છે. અહેવાલમાં વધુમાં જણાવ્યાં અનુસાર, સૈન્ય સંઘર્ષને પરિણામે, ભારતમાં ગરીબીનો દર ૨૩.૯ ટકાથી વધીને ૨૪.૨ ટકા થવાનો અંદાજ છે, જેના કારણે અંદાજે ૨૪,૨૪,૬૯૮ લોકો ગરીબીમાં ધકેલાશે.આ કટોકટી પૂર્વે દેશમાં ૩૫,૧૫,૬૯,૦૦૦ લોકો ગરીબીમાં જીવતા હતા, જે આંકડો વધીને ૩૫,૪૦,૩૩,૬૯૮ થવાની શક્યતા છે. બીજી તરફ, ચીનમાં આ અસર મધ્યમ રહેશે, જ્યાં ગરીબીનું જોખમ ધરાવતા લોકોની સંખ્યા ૧,૧૫,૦૦૦ થી વધીને ૬,૨૦,૦૦૦ થવાનો અંદાજ છે, જે તેની વિશાળ વસ્તીના પ્રમાણમાં નાનો ફેરફાર ગણાય છે.યુએનડીપીના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ભારત તેની જરૂરિયાત પૈકીનું ૯૦ ટકા ઓઈલ આયાત કરે છે. જે પૈકીનું ૫૦ ટકા ક્રૂડ અને ૯૦ ટકા એલપીજી પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે. આ ઉપરાંત ભારતની ફર્ટિલાઈઝરની કુલ આયાત પૈકીની ૪૫ ટકા જરૂરિયાત પણ પશ્ચિમ એશિયન દેશોમાંથી કરાતી આયાતમાંથી સંતોષાય છે. ખેતી માટે જરૂરી યુરિયાના સ્થાનિક ઉત્પાદનનો ૮૫ ટકા હિસ્સો આયાતી રિગેસિફાઈડ લિક્વિફાઈડ નેચરલ ગેસ (આરએલએનજી) પર નિર્ભર છે.




**યુએનડીપીના અહેવાલમાં જણાવ્યાં અનુસાર, ભારત તેની જરૂરિયાત પૈકીનું ૯૦ ટકા ઓઈલ આયાત કરે છે જે પૈકીનું ૫૦ ટકા ક્રૂડ અને ૯૦ ટકા એલપીજી પશ્ચિમ એશિયામાંથી આયાત કરે છે**

### ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦ એપ્રિલે અમેરિકા પહોંચશે

# મોદી-ટ્રમ્પની વાતચીત બાદ ભારતીય ડેલિગેશન US જશે

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૫

ભારત-અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય પ્રતિનિધિમંડળ ટ્રેડ ડીલ અને ટેરિફ મુદ્દે આગામી સપ્તાહે વોશિંગ્ટન પહોંચીને અમેરિકન નેતાઓ સાથે બેઠક કરશે. ગઈકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે ૪૦ મિનિટ સકારાત્મક વાતચીત થયા બાદ આ નિર્ણય લેવાયો છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, ભારતીય પ્રતિનિધિમંડળ ૨૦થી ૨૨ એપ્રિલ દરમિયાન અમેરિકા જવાનું છે. આ દરમિયાન બંને દેશો ટ્રેડ ડીલ અને ટેરિફ સંબંધી ગૂંચવાયેલા મુદ્દાઓનો નિવેડો લાવવા પર અને સમજૂતીને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રીત કરશે. ટ્રેડ ડીલને લઈને બંને દેશો વચ્ચે અનેક બેઠકો યોજાઈ ગઈ છે, પરંતુ હજુ સુધી કોઈ નિર્ણાયક નિર્ણય લેવાયો નથી. ગઈકાલે (૧૪ એપ્રિલે) વડાપ્રધાન મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ વચ્ચે ૪૦ મિનિટ સુધી ટેલિફોનિક વાતચીત થઈ હતી. અમેરિકા-ઈરાન વચ્ચે બે સપ્તાહનું યુદ્ધવિરામ જાહેર કર્યા બાદ અને ઈસ્લામાબાદમાં મંત્રણા નિષ્ફળ ગયા બાદ બંને નેતાઓ વચ્ચે પહેલીવાર આ વાતચીત થઈ હતી. ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોરે બંને નેતાઓઓ વચ્ચે સકારાત્મક વાતચીત થઈ હોવાની માહિતી આપી છે. તેમણે કહ્યું કે, બંને નેતાઓ વચ્ચે ટ્રેડ ડીલ સહિત અનેક મહત્ત્વના ક્ષેત્રો પર ચર્ચા થઈ છે. અમેરિકન રાજદૂતે સંકેત આપ્યા છે કે, આગામી દિવસોમાં ભારત-અમેરિકા વચ્ચે ઊર્જા સહિત અનેક મોટા સમજૂતી થઈ શકે છે. વડાપ્રધાન મોદીએ પણ એક્સ પર પોસ્ટ કરીને ટ્રમ્પ સાથે વાતચીત કરી હોવાની માહિતી આપી છે. તેમણે લખ્યું હતું કે, 'મારા મિત્ર રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો ફોન આવ્યો હતો. અમે દ્વિપક્ષીય સંબંધો હેઠળ વિવિધ સેક્ટરોમાં થયેલી મહત્ત્વની પ્રગતિ પર સમીક્ષા કરી છે.

## તંત્રી લેખ

# અર્થતંત્રના રંગ

અર્થતંત્રના અનેક રંગ આ નવા વરસે પ્રજાએ જોવાના છે. ભારત અત્યારે સમય અને સંયોગોના એક એવા ત્રિભેટે આવીને ઊભેલા દેશ છે કે જેની સામે રાષ્ટ્રીય જીવનના અનેક ક્ષેત્રોમાં અનેક પડકારો ઊભા છે. એ જ રીતે મિસ્ટર મોદીએ આંતરરાષ્ટ્રીય લોબિંઈંગ માટે પ્રયાસો કર્યા હોવા છતાં છેક ઈન્દિરા ગાંધીના જમાનાથી ચાલી આવતી રશિયન મૈત્રી પરંપરા સિવાય ભારતીય વડાપ્રધાનની પડખે કોઈ ઈતર મહાસત્તા નથી એવું દેખાય છે. ભારતના રાજકીય અને એય કોંગ્રેસના પૂર્વજોએ વાવેલા આંબાના મીઠા ફળ અત્યારે સંકટ કાળે ભારતને ચાખવા મળે છે એ સિવાય તો બધે બાવળિયાનાં જંગલો ઉગેલાં છે. ગમે તેવું નેતૃત્વ હોય તો પણ આજના પડકારોને પહોંચી વળવાનું કામ આસાન નથી. મંદીના માહોલમાં આફ્રિકન દેશો સહિતના અનેક દરિદ્ર રાષ્ટ્રો સહાય માટે ભારત તરફ મીટ માંડીને બેઠા છે. ઘરના છોકરાઓએ ઘંટી ચાટવી ન પડે એ માટે સરકાર પારકાને આટો આપવામાં સ્વાભાવિક વિલંબ કરી રહી છે. પહેલી જાન્યુઆરીથી શરૂ થતાં ઈસુના નૂતન વર્ષમાં પ્રજાની સરકાર પાસેથી ઘણી બધી અપેક્ષા છે. મતદાર યાદીના શુદ્ધિકરણમાં સૂકા ભેગું લીલું બળી જાય છે ને એની ફરિયાદો અનેક રાજ્યોમાં ઉઠી છે. મમતા બેનરજી અને કોંગ્રેસ દેશહિત ક્યારે સાથે રાખે છે ને ક્યારે બાંગ્લા પ્રજાહિત સાથે રાખે છે એ સમજવું મુશ્કેલ છે. રિઝર્વ બેંકના ગવર્નરે હવે શરૂ થઈ રહેલા નવા વર્ષ માટે ૧૦.૫ ટકાનો વિકાસ અંદાજ મૂક્યો છે.

જોકે પહેલી નજરે મુશ્કેલ લાગે છે, પરંતુ ઈ. સ. ૨૦૨૪-૨૦૨૫ના બેકલોગને સરભર કરવા માટે ઉદ્યોગો અને સેવાઓ જે રીતે કામે લાગેલા દેખાય છે, એ જોતાં એ સાવ અસંભવ નથી. તેમણે અગાઉ પણ કહ્યું જ હતું કે ભારતીય અર્થતંત્રની ગાડી હવે પાટે ચડી ગઈ છે અને સુધારાવાદી અભિગમ દ્વારા અર્થતંત્રમાં ચડતી કળાનો ચંદ્ર દેખાય છે. એપ્રિલના આરંભે આપણને પ્રગતિનો પ્રારંભિક અણસાર મળશે. દરરોજ નેટ પર આંગળીના ટેરવે આમતેમ ચક્કર મારીને ગ્રાહકો સસ્તી ઓફર શોધીને ઓર્ડર આપી દેતા હોય છે. ભારતમાં ઈ-કોમર્સ કંપનીઓ મુખ્યત્વે શરૂઆતમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ સિવાયના બિઝનેસમાં બહુ આગળ નીકળી ગઈ. ફેશનની પણ એક વિરાટ આકાશગંગા આ કંપનીઓએ રજૂ કરી. લોકોએ હોંશે હોંશે એમાં ઝંપલાવ્યું પણ ખરું. ને એમ ઓનલાઈન શોપિંગ કંપનીઓ નફાકારક અને સમૃદ્ધ થવા લાગી.

# ચીનની નમ્રતામાં પણ નફફટાઈ

ભારત ભવિષ્યમાં ચીન સાથે સંભવિત યુદ્ધને ધ્યાનમાં રાખીને ખૂબ જ ઉતાવળે હિમાલયમાં પોતાની સૈન્ય તૈયારીઓ મજબૂત કરી રહ્યું છે. આ માટે ભારત હિમાલયમાં યુદ્ધના ધોરણે પૂર્વીય લદ્દાખથી અરૂણાચલ સુધી સરહદ નજીક કરોડો રૂપિયાના ખર્ચે રસ્તા, સુરંગો અને એરસ્ટ્રીપનું નિર્માણ કરી રહ્યું છે તેમ અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલના એક રિપોર્ટમાં દાવો કરાયો છે. જોકે, આ રિપોર્ટથી ચીન ભડક્યું છે. ચીનના વિદેશ મંત્રાલયે દાવો કર્યો કે ભારત-ચીનના સંબંધો યોગ્ય દિશામાં આગળ વધી રહ્યા છે. વોલ સ્ટ્રીટ જર્નલનો રિપોર્ટ ઉશ્કેરણીજનક અને આધારહીન છે.

અમેરિકા ભારત અને ચીનના સંબંધોમાં અવરોધો ઊભા કરવા માગે છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પર દુનિયામાં સૌથી વધુ ૫૦ ટકા ટેરિફ નાંખતા એશિયામાં ભારત, ચીન અને રશિયા એક મંચ પર સાથે આવી રહ્યા છે. આવા સમયે અમેરિકન અખબાર વોલ સ્ટ્રીટ જર્નલ (ડબલ્યુસજે)ના રિપોર્ટે હોબાળો મચાવ્યો છે. ડબલ્યુએસજેએ એક રિપોર્ટમાં જણાવ્યું છે કે જૂન ૨૦૨૦માં પૂર્વીય લદ્દાખમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ભારતીય જવાનોની ચીનના સૈનિકો સાથે થયેલી અથડામણમાં ૨૨૦૦ માઈલ લાંબી વિવાદાસ્પદ સરહદ પર ભારતની તેના સૈન્યને સામાન પહોંચાડવાની વ્યવસ્થાની અનેક ખામીઓ ઉજાગર થઈ હતી.

ડબલ્યુએસજેના રિપોર્ટમાં જણાવાયું હતું કે, ચીને ભારત સાથે ૧૯૬૨ના યુદ્ધ પછીના સમયથી જ પોતાના સરહદીય વિસ્તારોમાં સતત રેલવે અને રસ્તાનું મોટું નેટવર્ક બનાવ્યું છે. પરંતુ ભારત હિમાલયની સરહદ પર બીજીબાજુ પોતાના વિસ્તારોમાં જવાનોને ઝડપથી સામાન પહોંચાડવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં પાછળ રહી ગયું હતું.

નિષ્ણાતોનું કહેવું છે કે જૂન ૨૦૨૦માં ગલવાન ઘાટીમાં ભારત અને ચીનના સૈનિકોની અથડામણ પછી ચીન કેટલાક કલાકોમાં જ તેના સૈનિકોને સૈન્ય રસદ પહોંચાડવા સક્ષમ હતું, પરંતુ ભારત પાસે તેના ફ્રન્ટ પોસ્ટ સુધી વધારાના સૈનિકો અને સામાન પહોંચાડવા માટે ના તો રસ્તા હતા કે ના કોઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર. ભારતને તેના સૈનિકો સુધી સામાન પહોંચાડવામાં સપ્તાહો લાગી શકે તેમ હતા.

જ્યારે પણ ભારત-ચીનના સંદર્ભમાં વાત કરવાની હોય ત્યારે આ ગીતની કડી આપોઆપ યાદ આવી જાય છે. તાજેતરનો અમેરિકાના સંરક્ષણ ખાતા 'પેન્ટાગોન'નો જે અહેવાલ આવ્યો એ આ ગીત જેવી જ ચેતવણી આપે છે.એ અહેવાલ માત્ર ચીની સૈન્યની ક્ષમતાનું પ્રદર્શન નથી, પરંતુ તે એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ભૌગોલિક-રાજકીય શતરંજની રમતનું ઊંડું વિશ્લેષણ પૂરું પાડે છે. આ અહેવાલના કેન્દ્રમાં ભારત-ચીન સંબંધોની જટિલતા છે, જે માત્ર સરહદી વિવાદ પૂરતી મર્યાદિત નથી, પણ વૈશ્વિક મહાસત્તા બનવાની ચીનની મહત્ત્વાકાંક્ષા અને તેમાં ભારતની ભૂમિકા પણ ગાઢ રીતે જોડાયેલી છે. ચીનની ભારત પ્રત્યેની વર્તમાન વ્યૂહરચના 'વ્યૂહાત્મક સંયમ' અને 'બહુસ્તરીય ઘેરાબંધી'નું સંમિશ્રણ છે, જેનો મુખ્ય હેતુ અમેરિકાના પ્રભાવશાળી સુરક્ષા માળખામાંથી ભારતને બહાર ખેંચીને એશિયામાં એક ધ્રુવીય વર્ચસ્વ સ્થાપિત કરવાનો છે.

ચીનની આ રમત સમજવા માટે તેના દ્વિપક્ષીય અભિગમ સમજવો અનિવાર્ય છે.'પેન્ટાગોન' સ્પષ્ટ કરે છે કે ચીન હાલમાં ડી-એસ્કેલેશન એટલે કે તણાવ ઘટાડવાની ભાષા બોલી રહ્યું છે.

ઓક્ટોબર ૨૦૨૪માં લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર થયેલો કરાર અને બ્રિક્સ શિખર પરિષદમાં મોદી-શી મુલાકાત એ ચીનની તે મુત્સદ્દીગીરીનો ભાગ છે.

ચીન એવો સંકેત આપવા માગે છે કે જો ભારત અમેરિકાથી અંતર જાળવે તો ચીન તેની સાથે સંબંધો સુધારવા તૈયાર છે.ચીનનો આર્થિક અને વ્યૂહાત્મક ઉદ્દેશ્ય એ છે કે ભારત-અમેરિકા- ઓસ્ટ્રેલિયા જાપાન સંચાલિત 'ક્વાડ' જેવી સુરક્ષા વ્યવસ્થામાં ભારતને સક્રિય ભૂમિકા ભજવતા અટકાવવાનો છે. ચીન માટે સૌથી મોટું જોખમ એ છે કે ભારત અમેરિકાના હિંદ-પ્રશાંત વ્યૂહરચનાનું કેન્દ્રબિંદુ બની જાય. જો ભારત તટસ્થ રહે, તો ચીન માટે આખા એશિયામાં પોતાનો પ્રભાવ વિસ્તારવાનું સરળ થઈ જાય છે. જોકે, આ શાંતિપૂર્ણ દેખાતી પહેલની પાછળ એક અત્યંત આક્રમક વ્યૂહરચના છુપાયેલી છે.ચીન અરુણાચલ પ્રદેશને તેના રાષ્ટ્રીય પુનરુત્થાનના એજન્ડામાં સામેલ કરે છે. તેને 'દક્ષિણ તિબેટ' તરીકે સંબોધવું એ માત્ર નામકરણનો વિવાદ નથી, પરંતુ તે ચીનની તે વિસ્તારવાદી નીતિનો ભાગ છે. ચીન આ જ તાઈવાન અને દક્ષિણ ચીન સમુદ્રમાં અપનાવી રહ્યું છે. ચીન આવા વિવાદોને જીવંત રાખવા માગે છે જેથી જરૂર પડે ત્યારે તે ભારત પર દબાણ લાવી શકે. ભારતનો સંશયવાદ માત્ર ૧૯૬૨ના યુદ્ધની દુઃસ્વપ્ન પર આધારિત નથી, પરંતુ ચીનના આ અસ્થિર વર્તન અને કથની-કરણી વચ્ચેના તફાવત પર આધારિત છે.ચીનની વ્યૂહરચનાનું બીજું મહત્ત્વનું પાસું ભારતની 'ભૂ-રાજકીય ઘેરાબંધી' છે, જેને પ્રખ્યાત રીતે 'સ્ટ્રિંગ ઓફ પર્લ્સ' તરીકે ઓળખવામાં આવે છે. ચીન પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ અને શ્રીલંકા જેવા ભારતના પડોશી દેશોમાં પોતાનું રોકાણ અને સૈન્ય પ્રભાવ વધારી રહ્યું છે. અહીં ચીનના પ્રોજેક્ટ માત્ર આર્થિક નથી, પરંતુ તે પાકિસ્તાનને ભારત વિરુદ્ધ એક સૈન્ય પ્રોક્સી તરીકે મજબૂત કરવાની ચીની ચાલ છે.નેપાળ અને બાંગ્લાદેશમાં બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ હેઠળના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ દ્વારા ચીન આ દેશોની અર્થવ્યવસ્થા પર કબજો જમાવી રહ્યું છે, જેનાથી ભારતની પરંપરાગત પ્રાદેશિક નેતા તરીકેની ભૂમિકાને સીધો પડકાર મળે છે.

ભારત તેના પડોશીઓ સાથેના વિવાદો અને ચીની દખલગીરીને ઉકેલવામાં વ્યસ્ત રહે છે ત્યારે ચીન તેને વૈશ્વિક મંચ પર એક શક્તિશાળી સ્પર્ધક તરીકે ઊભરતા રોકી શકે છે.આ વિશ્લેષણમાં સૌથી મહત્ત્વનું પાસું એ છે કે ભારતને 'એશિયાઈ એકતા'ના નામે ચીન પશ્ચિમી દેશો વિરુદ્ધ ઉશ્કેરવાનો પ્રયાસ કરે છે, જ્યારે તે પોતે એશિયામાં કોઈ પણ પ્રકારના શક્તિ સંતુલનનો સ્વીકાર કરવા તૈયાર નથી. ચીન ઈચ્છે છે કે ભારત તેની 'વ્યૂહાત્મક સ્વાયત્તતા'નો ઉપયોગ એવી રીતે કરે કે જેથી અમેરિકાનાં હિતોને નુકસાન થાય. ભારત-અમેરિકા સંરક્ષણ ભાગીદારીને ચીન તેના અસ્તિત્વ માટે જોખમ માને છે. તેથી જ, ચીન સરહદ પર તણાવ ઘટાડવાની વાર્તાઓ દ્વારા ભારતની સુરક્ષા તત્પરતાને ધીમી પાડવા ઈચ્છે છે.ભારત માટે આ પરિસ્થિતિ અત્યંત જટિલ છે. નવી દિલ્હી જાણે છે કે ચીન સાથે સીધો સશસ્ત્ર સંઘર્ષ આર્થિક વિકાસમાં અવરોધક બનશે, પરંતુ ચીન પર સંપૂર્ણ વિશ્વાસ કરવો એ રાષ્ટ્રીય સુરક્ષા સાથે બાંધછોડ સમાન હશે. ભારતની વર્તમાન નીતિ 'સશસ્ત્ર શાંતિ' જેવી છે, જેમાં તે સરહદ પર સૈન્ય માળખાને મજબૂત કરી રહ્યું છે અને સાથે સાથે અમેરિકા સાથે સંરક્ષણ તકનીકીમાં ઊંડો સહયોગ કરી રહ્યું છે.

'પેન્ટાગોન'નો આ અહેવાલ ભારતને ચેતવે છે કે ચીનની નમ્રતા એ કાયમી પરિવર્તન નથી પરંતુ એક વ્યૂહાત્મક પીછેહઠ હોઈ શકે છે.ચીનની ભારત વિરુદ્ધની વ્યૂહરચના એક બહુપક્ષીય આક્રમણ છે, જે આર્થિક, સૈન્ય અને મુત્સદ્દીગીરીના સ્તરે લડવામાં આવી રહી છે. ભારતને ચીન અમેરિકાથી અલગ કરવા માગે છે જેથી તે દક્ષિણ એશિયામાં પોતાની શરતો પર રમત રમી શકે. ભારતની સફળતા ચીનના આ 'શાંતિના પ્રસ્તાવ' પાછળના વાસ્તવિક હેતુઓને પારખવામાં અને તેની 'સ્ટ્રિંગ ઓફ પર્લ્સ' વ્યૂહરચનાનો જડબાતોડ જવાબ આપવામાં રહેલી છે. આ સંઘર્ષ માત્ર બે દેશ વચ્ચેનો નથી, પરંતુ તે નક્કી કરશે કે ૨૧મી સદીમાં એશિયાનું નેતૃત્વ કોણ કરશે અને વૈશ્વિક વ્યવસ્થામાં લોકશાહી વિરુદ્ધ સરમુખત્યાર શાહીની લડાઈમાં કોનું પલ્લું ભારે રહેશે.


### 'બોર્ડર ૨' સફળતા પછી

## વરુણનું નામ વિવેક રંજન અગ્નિહોત્રીની 'ઓપરેશન સિંદૂર' ફિલ્મ માટે ચર્ચામાં

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૫

વરુણ ધવને 'બોર્ડર ૨' માં પોતાના અભિનયથી દેશભક્તિની સિનેમામાં છાપ છોડી છે. ત્યારથી, તેને યુદ્ધ અને આર્મી આધારીત ફિલ્મોનાં ક્ષેત્રમાં ઘણી ઓફર મળી રહી છે, પરંતુ તે આગળ શું પસંદ કરે છે તેમાં ખૂબ સાવચેત છે.

ધર્મા પ્રોડક્શન્સ, મેડોક, સાજિદ નડિયાદવાલા અને ટિપ્સ જેવા તમામ તરફથી ઓફર આવી રહી છે – ત્યારે ચર્ચા છે કે વરુણ ધવન 'ઓપરેશન સિંદૂર' માટે વિવેક રંજન અગ્નિહોત્રી અને ભૂષણ કુમાર સાથે ચર્ચામાં છે. સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "વરુણને 'ઓપરેશન સિંદૂર' ઓફર કરવામાં આવી છે, અને અભિનેતાએ મુખ્ય ભૂમિકા ભજવવામાં રસ દર્શાવ્યો છે. ભૂષણ કુમાર અને વિવેક રંજન અગ્નિહોત્રી ફિલ્મમાં મુખ્ય પાત્રની ભૂમિકા લઈને વરુણ પાસે ગયા હતા અને થેણે વિષયમાં શરૂઆતથી જ રસ બતાવ્યો છે. તે જલ્દી સંપૂર્ણ વાર્તા સાંભળશે અને પછી આ અંગે નિર્ણય લેશે.''સુત્રે વધુમાં જણાવ્યું કે વરુણે તાજેતરમાં પોતાની દીકરી લારા સાથે સમય પસાર કરવા માટે અભિનયમાંથી થોડો વિરામ લીધો હતો અને હવે તે ફરી ફિલ્મો સાઈન કરવા અને એક્શનમાં પરત આવવા તૈયાર છે. "તે ૨૨ મેના રોજ 'હૈ જવાની તો ઈશ્ક હોના હૈ' ની રિલીઝ માટે તૈયારી કરી રહ્યો છે અને આ વર્ષે જુલાઈથી નવી ફિલ્મ શરૂ કરવાની યોજના બનાવી રહ્યો છે. તે હાલમાં તમામ લેખકો અને દિગ્દર્શકોને મળી રહ્યો છે, અને ટૂંક સમયમાં પોતાની આગામી ફિલ્મ ફાઈનલ કરશે.''વરુણ 'બોર્ડર ૨' પછી પ્રોડ્યુસર ભૂષણ કુમાર સાથે અનેક પ્રોજેક્ટ્સ માટે વાતચીત કરી રહ્યો છે અને તેમાંનો એક 'ઓપરેશન સિંદૂર' છે. ભૂષણ અને વરુણ મલ્ટી-ફિલ્મ ડીલ કરવા ઈચ્છે છે અને તેના અંગેના વધુ અપડેટ્સ આગામી મહિનાઓમાં મળવાની અપેક્ષા છે.



# ઉત્તમ ખોરાક અને ઔષધરૂપ (ફળ-કેળા)

સસ્તુ, સ્વાદિષ્ટ, પૌષ્ટિક અને બાળક-વૃદ્ધ સૌ કોઈ સહેલાઈથી ખાઈ શકે તેવું ફળ એટલે 'કેળાં' વળી, તે સર્વત્ર થાય છે. પુષ્કળ પ્રમાણમાં થાય છે અને ગુણોથી ભરપૂર છે.ફળોમાં જુદી જુદી જાતના ખનિજ તત્વો, ક્ષારો અને વિટામિન હોય છે. પણ તે સર્વ ફળો કરતા કેળાંમાં ખૂબ વધારે પ્રમાણમાં મળી આવે છે અને લગભગ બધાં જ તત્વો તેમાંથી મળે છે.

કેળામાં સર્વ પ્રકારનાં વિટામિન ઉપરાંત કેલ્શિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ, સોડિયમ, મેંગેનીઝ, સલ્ફર, લોહ વગેરે અનેક ખનિજ તત્વો પણ છે. વળી, તેમાં આંતરડા દ્વારા સહેલાઈથી થઈ શકે તેવો ગ્લુકોઝ પણ ૨૨ ટકા જેટલો હોય છે.કેળા સુપાચ્ય છે. ઉપરાંત સ્વાદિષ્ટ અને પુષ્ટિ તુષ્ટિવર્ધક છે તેમજ ઉત્તમ ઔષધ પણ છે. ખાવા યોગ્ય કેળાની લૂમ હાથમાં પકડી હલાવવાથી જે કેળા પોતાની જાતે લૂમથી છૂટા પડી જાય તે કહેવાય. બંને બાજુના છેડેથી સહેજ પણ ખંડિત ન હોય તેવા સારા પાકેલા કેળા પસંદ કરીને ખાવા જોઈએ. ખૂબ પાકી ગયેલા કે થોડા પણ કડક કેળા ખાવા નહીં. કેળાના પાન, છાલ, ફૂલ, મૂળ અને ફળ બધાં જ અંગો ઔષધિય ગુણો ધરાવે છે.કેળા ગુણમાં મધુર, ઠંડા, પૌષ્ટિક, પિત્ત અને રક્તવિકાર નાશક, દાહ અને રક્તપિત્તને મટાડનાર છે. પાકેલા કેળા પ્રકૃતિની અનુકૂળતા પ્રમાણે એક કે બે ખાવાથી સવારે પેટ સાફ આવે છે.શરીરમાં દાહ થતો હોય તેણે સવારે નરણે કોઠે અને ભોજનમાં કેળા ખાવા જોઈએ.દુર્બળ શરીરને પુષ્ટ કરવા માટે કેળાના પતીકા બનાવી તેમાં ઘી-સાકર અને એલચી નાખી સવારે રોટલી કે ભાખરી સાથે ખાવા અને ઉપર દૂધ પીવું. જેના હાડકા પોચા હોય, વારંવાર મચકોડ આવી જતો હોય, હાથ કે પગનું ઉતરી જવું કે ફ્રેક્ચર થવું વગેરે ફરિયાદો હોય તેણે પણ નિયમિત કેળાંનું સેવન કરવું જોઈએ જેથી તેમાં હાડકાં મજબૂત બને છે.

જેના સાંધાઓમાં હાડકાનો ઘસારો થતો હોય તેના માટે પણ કેળાનો ઉપયોગ લાભદાયક છે.વૃદ્ધાવસ્થામાં હાડકાની ફરિયાદો ન થાય તે માટે પણ કેળાનો ઉપયોગ નાનપણથી કરવો.ભસ્મક રોગમાં દર બે-ત્રણ કલાકે એકદમ પાકા કેળા દૂધ સાથે ખવડાવવામાં આવે તો દર્દીનો ભસ્મક રોગ મટે છે. આ રોગમાં દર્દીને વારંવાર ભૂખ લાગે, જેટલું ખાય તેટલું બળી જાય,

ગમે તેટલું ખાય તો યે શરીર કાળું પડતું જાય અને સૂકાતું જાય. તેવા આ ભસ્મક રોગમાં કોઈ દવા ઉપયોગી થાય કે ન થાય પણ લાંબા સમય સુધી કેળાનું દૂધ સાથે સેવન કરનારને આ રોગ અવશ્ય મટે છે અને તેનું શરીર પુષ્ટ થાય છે.યુવાન સ્ત્રી-પુરુષો કે જે રજ-વીર્યની નબળાઈથી પીડાતા હોય તેમણે પંચામૃતમાં રોજ બે કેળા સમારી મેળવીને સવારે સેવન કરવું, તે જ રીતે સાંજના દરેક વખતે પંચામૃત ૨૦૦ થી ૨૫૦ ગ્રામ અને બે કેળા લેવા. આ રીતે સેવન કરનાર દંપતીના બાળકો પુષ્ટ, સાત્વિક, તેજસ્વી અને ગૌરવર્ણના થાય છે.દરરોજ ચાર કેળાં, તેમાં એલચી અને ચપટી મરીનો પાઉડર નાખી દરરોજ ખાનાર કિશોરો વૃદ્ધાવસ્થાને દૂર ભગાડી શકે છે. જેને કેળા બરાબર માફક આવી ગયા હોય તે આ પ્રમાણે સવાર-સાંજ બે વખત પણ ખાઈ શકે. આ પ્રયોગથી વૃદ્ધાવસ્થામાં પણ શરીર પર કરચલીઓ જલદી પડતી નથી.બહેનો કે જેમને વારંવાર માસિક આવતું હોય, વધારે પડતું આવતું હોય, શ્વેતપ્રદર હોય તેથી કમ્મર દુઃખતી હોય, શરીર કૃશ થઈ ગયું હોય, શરીરમાં ફીકાશ, સુસ્તી અને નબળાઈ આવી ગઈ હોય, ટુંકમાં શરીર ઘસાતું જતું હોય અને પરિણામે અનેક ફરિયાદો થતી હોય તો તેવા બહેનોએ બે-બે કેળા ઘી-સાકર, એલાયચી સાથે સવાર-સાંજ ખાવા. ત્રણ-ચાર માસ કેળાનું સેવન કરવાથી બધી જ ફરિયાદો ચાલી જશે.ટીપે-ટીપે પેશાબ થતો હોય, પેશાબમાં બળતરા થતી હોય, અવાર-નવાર પેશાબ બંધ થઈ જતો હોય, પેશાબ ગરમ અને દાહ સાથે થતો હોય તો તે ફરિયાદોવાળી વ્યક્તિઓએ પાકા બે-બે કેળાં દૂધમાં સાકર અને એલચી મેળવી સવારે નરણે કોઠે ખાવા. તમામ પ્રકારની ફરિયાદો માટેનો આ સરળ અને સચોટ ઉપચાર છે. આવી ફરિયાદોમાં બે-ત્રણ દિવસમાં જ રાહત થઈ જાય છે પણ તકલીફ બિલકુલ મટી ગયા પછી પણ એક અઠવાડિયા સુધી આ પ્રમાણે કેળાનું સેવન ચાલુ રાખવાથી ફરીને આવી કોઈ ફરિયાદ થતી નથી.

ખોરાકમાં મરચું, બહુ મસાલા, તળેલા, વાસી, પદાર્થો છોડી દેવા. જેથી કાયમી આ ફરિયાદ મટી જશે.કેળામાં ટામેટાનો રસ અને સાકર મેળવી નાના બાળકોને ખવડાવવાથી નાના બાળકોની ભૂખ ખૂલે છે અને બાળકોનું વજન પણ વધે છે.

### ફિલ્મ ૮ મે, ૨૦૨૬ના રોજ થિએટરમાં રિલીઝ થશે

# હેડગેવાર અને મહાત્મા ગાંધીની મુલાકાત પરની ફિલ્મ 'આખરી સવાલ'નું ટીઝર લોન્ચ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૫

સંજય દત્ત અભિનિત ફિલ્મ 'આખરી સવાલ'નું નવું ટીઝર લોંચ કરવામાં આવ્યું છે, જેમાં ભારતીય ઈતિહાસના એક મહત્વપૂર્ણ અને ઓછા જાણીતા પ્રસંગની વાત છે. ૧૯૩૪માં કેશવ બલિરામ હેડગેવાર અને મહાત્મા ગાંધી વચ્ચે થયેલી ખાનગી મુલાકાત પર આ ફિલ્મમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ ફિલ્મનું ડિરેક્શન નેશનલ એવોર્ડ વિજેતા અભિજીત મોહન વરંગે કર્યુ છે.નવું ટીઝર અગાઉના પ્રમોશનલ મટિરિયલથી ઊભી થયેલી ઉત્સુકતામાં વધારો કરે છે અને એક મહત્વની ઐતિહાસિક ઘટનાની ઝલક આપે છે. "આ બેઠકમાં શું થયું હતું?" એવા પ્રશ્નથી શરૂ થતું ટીઝર બંને નેતાઓ વચ્ચેની તણાવભરી અને ઊંડી વાતચીત દર્શાવે છે. ફિલ્મ વાસ્તવિક ઘટનાઓ પર આધારિત હોવાનું સૂચવે છે અને ઓછા દસ્તાવેજીકરણ સાથે તે ઘટનાના નવો દૃષ્ટિકોણ આપવાનો પ્રયાસ કરે છે.'આખરી સવાલ'ને વિચારપ્રેરક પ્રોજેક્ટ તરીકે રજૂ કરવામાં આવી રહી છે. હેડગેવાર-ગાંધી મુલાકાત ઉપરાંત, ફિલ્મમાં આરએસએસ પર લગાવવામાં આવેલા પ્રતિબંધ અને બાબરી મસ્જિદ સંબંધિત વિચારધારા જેવા મુદ્દાઓને પણ વિશાળ સામાજિક-રાજકીય પરિપ્રેક્ષ્યમાં રજૂ કરવામાં આવશે.ફિલ્મમાં અમિત સાધ, નામાશી ચક્રવર્તી, સમીરા રેડ્ડી, ત્રિધા ચૌધરી અને નીતુ ચંદ્રા સહિતના કલાકારોનો સમાવેશ થાય છે. આ ફિલ્મ નિખિલ નંદા અને સંજય દત્ત




દ્વારા નિર્મિત છે, જે નિખિલ નંદા મોશન પિક્ચર્સના બેનર હેઠળ બનાવવામાં આવી રહી છે. સહ-નિર્માતાઓમાં પુનીત નંદા, ડૉ. દીપક સિંહ, ગૌરવ દુબે અને ઉજ્જવલ આનંદનો સમાવેશ થાય છે. ફિલ્મની સ્ટોરી, સ્ક્રીનપ્લે અને ડાયલોગ ઉત્કર્ષ નૈથાની દ્વારા લખવામાં આવ્યા છે, જ્યારે સંગીત મોન્ટી શર્માએ આપ્યું છે અને ગીતોના શબ્દો કુમાર વિશ્વાસે લખ્યા છે. ઐતિહાસિક ઘટનાઓ અને તેમની વ્યાખ્યાઓ અંગે પ્રશ્નો ઉભા કરતું આ ટીઝર ફિલ્મ પ્રત્યે ઉત્સુકતા વધારી રહ્યું છે. 'આખરી સવાલ' ૮ મે, ૨૦૨૬ના રોજ થિએટરમાં રિલીઝ થવાની છે.

# વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પરથી ૩૦૦૦ કરોડની 'ધુરંધર'કમાણી

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૫

બોક્સ ઓફિસ પર કમાણીના મામલે સુનામી સમાન સાબિત થયેલી આદિત્ય ધરની ફિલ્મ 'ધુરંધર-ધ રીવેંજ' દુનિયાભરમાં છવાઈ ગઈ છે. માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયાભરમાં એક રેકોર્ડ બનાવી દીધો છે. આ સફળતા હાંસલ કરનારી 'ધુરંધર-ધ રીવેંજ' પહેલી ભારતીય ફિલ્મ છે. વર્લ્ડવાઈડ બોક્સ ઓફિસ પર ઈતિહાસ બનાવી દીધો છે. ગ્લોબલ લેવલ પર ભારતીય સિનેમાના ઈતિહાસમાં એક મોટી સિદ્ધિ સમાન છે. 'ધુરંધર' ફિલ્મના બન્નો ભાગે દુનિયાભરના સિનેમાઘરમાં શાનદાર પર્ફોમ કર્યુ છે. ફિલ્મની કમાણીએ વર્લ્ડવાઈડ સ્તરે ૩૦૦૦ કરોડનો આંકડો પાર કરી લીધો છે. ધુરંધર ફ્રેન્ચાઈઝી આ રેકોર્ડ બનાવનાર પ્રથમ ભારતીય ફિલ્મ બની છે. 'ધુરંધર' ફિલ્મ ૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ રીલિઝ થઈ હતી. ભારતમાં ૮૫૦ કરોડથી વધારેની કમાણી કરી દીધી હતી. ગ્રોસ કલેક્શનની વાત કરવામાં આવે તો આ ફિલ્મ ૧૦૦૦ કરોડની કમાણી કરી ચૂકી હતી.ઓવરસીઝમાં ફિલ્મે ટૂંકાગાળામાં ૩૦૦ કરોડનો આંકડો પાર કરી દીધો હતો. ટોટલ કલેક્શનની વાત કરવામાં આવે તો ૧૩૦૦ કરોડને પાર થયો છે. 'ધુરંધર' ફિલ્મ રીલિઝ થયાના ચાર મહિના બાદ ૧૯ માર્ચ ૨૦૨૬ના રોજ 'ધુરંધર-ધ રીવેંજ' ફિલ્મ રીલિઝ થઈ. આ ફિલ્મે માત્ર ૨૬ દિવસના ગાળામાં ૧૭૦૦ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી.ગલ્ફના દેશમાં ફિલ્મ રીલિઝ ન થઈ હોવા છતાં અનેક દેશમાં ફિલ્મો સારી એવી કમાણી કરી નાંખી. ભારતમાં ૧૦૦૦ કરોડનું નેટ કલેક્શન પાર કરનારી પ્રથમ એક્શન ફિલ્મ બનઈ. આ સાથે બોલિવૂડની સૌથી મોટી અને દેશની બીજા ક્રમની સૌથી મોટી ફિલ્મ બની છે. ભારતમાં ૧૦૮૩ કરોડથી વધારે રૂપિયાનું નેટ કલેક્શન કર્યું છે. આમ ૩૦૦૦ કરોડનો આંકડો પાર કરવામાં નાના સિનેમાઓએ મોટી ભૂમિકા અદા કરી હતી.ફિલ્મના બન્ને ભાગનો સરવાળો કરવામાં આવે તો ભારતમાં ૧૯૨૩.૮૫ કરોડ નેટ આવક થઈ હતી. જ્યારે ગ્રોસ ૨૩૦૫.૩૫ કરોડનું કલેક્શન થયું છે. વિદેશમાંથી બન્ને ફિલ્મોની કુલ કમાણી ૭૧૪ કરોડ રૂપિયા થઈ છે. જ્યારે બન્ને ભાગનું ટોટલ કલેક્શન ૩ હજાર કરોડ સુધી પહોંચ્યું છે. નવી ફિલ્મો રીલિઝ થવાની સાથે કમાણીની રેસમાં પણ આદિત્યની ફિલ્મ ધુરંધર સાબિત થઈ છે.



# જળવાયુ પરિવર્તનની સીધી અસર

આ વર્ષે મે-જૂનમાં દેશના અનેક વિસ્તારોમાં ભીષણ ગરમી જોવા મળી હતી. હવે પંજાબ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને હિમાચલ પ્રદેશ સહિતના દેશના અનેક વિસ્તારો મુશળધાર વરસાદ તથા પૂરનો સામનો કરી રહ્યા છે.છેલ્લા બે મહિનામાં મોસમ સંબંધી ઘટનાઓમાં દેશના અલગ-અલગ વિસ્તારોમાં ૫૦૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે અને ઘણા ગુમ થઈ ગયા છે. તેમાં મોસમમાં થયેલા પરિવર્તનને કારણે સર્જાયેલા માર્ગ અકસ્માતોમાં માર્યા ગયેલા લોકોનો પણ સમાવેશ થાય છે.હવામાન વિભાગે પાછલા કેટલાક દિવસોમાં ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ, પંજાબ અને જમ્મુ-કાશ્મીર માટે જોરદાર વરસાદની ઍલર્ટ જાહેર કરી હતી.હવામાનમાં થયેલા આ ફેરફારને વિજ્ઞાનીઓ તથા નિષ્ણાતો જળવાયુ પરિવર્તન સાથે જોડી રહ્યા છે. વિશ્લેષકોના જણાવ્યા મુજબ, હીટવૅવ અને ચોમાસાની પૅટર્નમાં થતા પરિવર્તનનું કારણ પૃથ્વી પર વધતી ગરમી છે.દેશના હવામાન વિભાગના ભૂતપૂર્વ ડિરેક્ટર જનરલ ડૉ. કે જે રમેશ કહે છે, આ હવામાનની આ આત્યંતિક ઘટનાઓ અને જળવાયુ પરિવર્તન વચ્ચે સીધો સંબંધ છે.ગ્રીનપીસ સાથે જોડાયેલા સંશોધક આકિઝ ભટ પણ માને છે કે હવામાનને કારણે અત્યારે જે આપદાઓ સર્જાઈ રહી છે તે જળવાયુ પરિવર્તનની સીધી અસર છે.બીજી તરફ ભારતીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ ડૉ. રાજીવન માધવન નાયરે એક નિવેદનમાં કહ્યું છે, ૧૯૫૦થી ૨૦૧૫ દરમિયાન મધ્ય ભારતમાં એક દિવસમાં ૧૫૦ મિલિમીટરથી વધારે વરસાદની ઘટનાઓમાં ૭૫ ટકા સુધી વધારો થયો છે. શુષ્ક સમયગાળો પણ પહેલાંથી લાંબો થઈ રહ્યો છે.ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ ડૉ. મૃત્યુંજય મહાપાત્રાએ ગત શનિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું, "ભારે વરસાદને કારણે ક્લાઉડ બર્સ્ટ, ભૂસ્ખલન અને માર્ગો ધસી પડવાની ઘટનાઓ બની શકે છે. અનેક નદીઓ ઉત્તરાખંડમાંથી નીકળે છે. તેથી ભારે વરસાદનો પ્રભાવ નીચલા વિસ્તારો પર પડી શકે છે.પહાડોમાં થતા ભારે વરસાદને કારણે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પણ પૂર આવવાની આશંકા જાહેર કરવામાં આવી છે અને વહીવટીતંત્ર ઍલર્ટ પર છે.પહેલી સપ્ટેમ્બરે ભારતીય હવામાન વિભાગની ચેતવણી બાદ ઉત્તરાખંડના અનેક જિલ્લાઓમાં રેડ ઍલર્ટ જાહેર કરવામાં આવ્યો હતો. વહીવટીતંત્રે સાવચેતીનાં પગલાં રૂપે તમામ સરકારી-બિન સરકારી શાળાઓ અને આંગણવાડી કેન્દ્રો બંધ રાખવાનો આદેશ આપ્યો છે.ઑગસ્ટમાં ભારે વરસાદ અને વાદળ ફાટવાની ઘટનાઓને કારણે રાજ્યમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને અનેક વિસ્તારોમાં લોકો બેહાલ થઈ ગયા છે.ઉત્તરકાશીના હર્ષિલ અને ધરાલી ગામમાં પાંચમી ઑગસ્ટે અચાનક આવેલા પૂરને કારણે બે લોકો મૃત્યુ પામ્યા હતા અને સરકારી આંકડા મુજબ, ૬૭ લોકો ગુમ થઈ ગયા હતા.અનેક હોટેલો અને ઘરોની સાથે સૈન્યનો કૅમ્પ પણ પૂરનાં પાણીમાં વહી ગયો હતો. પૂરગ્રસ્ત લોકો સુધી હેલિકૉપ્ટર મારફત રાહત સામગ્રી પહોંચાડવામાં આવી રહી છે અને વૈકલ્પિક માર્ગો બનાવીને ગંગોત્રી હાઈવે તાજેતરમાં જ ખોલવામાં આવ્યો છે.યમુનોત્રી ધામ માર્ગ પરના સ્યાનાચટ્ટી ખાતે યમુના નદીમાં ૨૧ ઑગસ્ટે અચાનક સરોવર રચાયું હતું.લગભગ ૧૫૦ લોકોને સલામત સ્થળોએ મોકલવામાં આવ્યા હતા. અહીં પણ નીચાણવાળા વિસ્તારોમાંના મકાનો તથા હોટેલોમાં પાણી ભરાઈ ગયું હતું.ચમોલીના થરાલી તાલુકામાં ૨૩ ઑગસ્ટે વાદળ ફાટવાથી એક વ્યક્તિ ગૂમ થઈ ગઈ હતી અને એક મહિલા કાટમાળ હેઠળ દબાઈ ગઈ હતી. અનેક દુકાનો તથા ઘરોને નુકસાન થયું હતું અને મુખ્ય માર્ગો બંધ થઈ ગયા હતા.ચમોલી, રુદ્રપ્રયાગ અને બાગેશ્વર જિલ્લામાં ૨૯ ઑગસ્ટે ભારે વરસાદ તથા અચાનક આવેલા પૂરને કારણે અનેક લોકો મૃત્યુ પામ્યા હતા. બીજું નુકસાન પણ થયું હતું.આ પ્રાકૃતિક આપદાઓની અસર લોકોના જીવન અને ધંધારોજગાર પર પણ થઈ રહી છે.આજકાલ ભારે વરસાદને કારણે તેમના બિઝનેસ પર માઠી અસર થઈ છે.

વરસાદને કારણે તેમની હોટેલના બુકિંગ પણ કેન્સલ થઈ રહ્યાં છે.આ વર્ષે ધંધાનો દાટ વળી ગયો છે. આ વખતે સ્ટાફને પગાર પણ ખિસ્સામાંથી જ આપવો પડશે, એવું લાગે છે.કેન્દ્રશાસિત જમ્મુ-કાશ્મીર પ્રદેશ પણ મોસમનો માર વેઠી રહ્યો છે. પાછલા અનેક દિવસો દરમિયાન જમ્મુ-કાશ્મીરના અલગ-અલગ વિસ્તારોમાં ક્લાઉડ બર્સ્ટની ઘટનાઓમાં ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. આવી સૌથી વધુ ઘટનાઓ જમ્મુ ક્ષેત્રમાં બની છે.કિશ્તવાડના ચાસોટી ગામમાં વાદળ ફાટવાને કારણે ૬૦થી વધુ લોકો માર્યા ગયા હતા. અહીં અનેક લોકો હજુ પણ લાપતા છે. જમ્મુના કટરામાં ભૂસ્ખલનની ઘટનામાં ૩૫ લોકો માર્યા ગયા છે.સતત પડી રહેલા ભારે વરસાદને કારણે જમ્મુ શહેરના અનેક વિસ્તારોમાં પૂરનું પાણી ભરાઈ ગયું છે. તેનાથી મકાનોને પણ મોટું નુકસાન થયું છે.ભૂસ્ખલને કારણે પાકને નુકસાન થયું છે. માર્ગો તથા પૂલ પૂરના પાણીમાં વહી જવાને કારણે અનેક વિસ્તારોમાં આવાગમન ઠપ્પ થઈ ગયું છે. જમ્મુ અને શ્રીનગર વચ્ચેનો નૅશનલ હાઈવે અત્યારે પણ બંધ છે. અહીં સમારકામ પૂર્ણ થવામાં એક મહિનો થઈ શકે છે.ભારે વરસાદ અને પૂરને કારણે દૂરના અનેક વિસ્તારોમાં લોકોનો સંપર્ક થઈ શકતો નથી. વીજ પુરવઠા પર પણ અસર થઈ છે.બીજી તરફ હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ સુધી ભારે વરસાદને ચેતવણી આપી છે, જેનાથી લોકો ચિંતિત છે.એકધારા ભારે વરસાદ અને પૂરને કારણે પંજાબના અનેક વિસ્તારોમાં મુશ્કેલ પરિસ્થિતિ સર્જાઈ છે.પંજાબના વિવિધ વિસ્તારોમાં હવામાન સંબંધી ઘટનાઓમાં અત્યાર સુધી ઓછામાં ઓછા ૨૯ લોકો મૃત્યુ પામ્યા છે અને ૧૨ જિલ્લા પૂરગ્રસ્ત છે.૧૫,૦૦૦થી વધારે લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ખેતીની લગભગ એક લાખ હેક્ટર જમીન પૂરના પાણીમાં ડૂબેલી છે.રાવી નદીમાં પ્રવાહ ઝડપી છે અને તેના કારણે નદી કિનારાના વિસ્તારોમાં રહેતા લોકો ભયભીત છે.કપુરથલાનાં લગભગ ૧૬ ગામ પાણીમાં ડૂબેલાં છે. ફાઝિલ્કા, તરનતારન, ગુરદાસપુર, પઠાનકોટ અને અમૃતસર સહિતના અનેક જિલ્લાઓમાં પરિસ્થિતિ સતત વકરી રહી છે.પંજાબમાં રાજ્યના આપદા રાહત દળ ઉપરાંત ભારતીય સૈન્ય અને કેન્દ્ર સરકારની એજન્સીઓ પણ રાહત તથા બચાવ કાર્યમાં જોડાયેલી છે.વરસાદની ઍલર્ટને કારણે લોકોની ચિંતામાં ઉમેરો થયો છે.પંજાબમાં આટલા મોટા પાયે ૩૭ વર્ષ પહેલાં, ૧૯૮૮માં પૂર આવ્યું હતું. છેલ્લાં વર્ષોમાં પૂર ન આવવાને કારણે આપદા પ્રબંધન સંબંધે પણ રાજ્યમાં બહુ તૈયારી કરવામાં આવી ન હતી.રાજ્યના આપદા પ્રબંધન વિભાગના જણાવ્યા અનુસાર, કુદરતી આપદાને કારણે ૧૨૮૦થી વધુ ઘર અને દુકાનો ધ્વસ્ત થઈ ગયાં છે. આપદાને કારણે રાજ્યને મોટું આર્થિક નુકસાન પણ થયું છે.ભૂસ્ખલન, વરસાદ અને પૂરને કારણે રાજ્યમાં અનેક માર્ગો પણ તૂટી ગયા છે. ૨૦ જૂનથી સતત પડી રહેલા વરસાદને કારણે રાજ્યમાં ફ્લૅશ ફ્લડની ૫૫, વાદળ ફાટવાની ૨૮ અને ભૂસ્ખલનની ૪૮ ઘટનાઓ બની છે.રાજધાની શિમલામાં ભૂસ્ખલનને કારણે અનેક મકાન બરબાદ થઈ ગયાં છે. ઑગસ્ટના છેલ્લા સપ્તાહમાં પણ રાજ્યમાં ભારે વરસાદ પડ્યો હતો.હિમાચલ પ્રદેશ માટે આ વર્ષ હવામાનના સંદર્ભમાં છેલ્લાં કેટલાંક વર્ષોની સરખામણીએ સૌથી વધુ મુશ્કેલીભર્યું રહ્યું છે.

### મૃણાલની અદિવી શેષ સાથેની ફિલ્મ 'ડકેતૈ' ૧૦ એપ્રિલે રિલીઝ થઈ છે

# ''મારા ગયા જન્મનાં કર્મ છે કે મને આટલો પ્રેમ મળે છે અને વખાણ થઈ રહ્યાં છે'' : મૃણાલ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૫

મૃણાલ ઠાકુર હાલમાં તેમની નવી રિલીઝ થયેલી ફિલ્મ 'ડકેતૈ' માટે મળી રહેલી પ્રશંસાની મજા લઈ રહી છે. હૈદરાબાદમાં યોજાયેલી એક ઈવેન્ટ દરમિયાન મૃણાલે તેની કારકિર્દીની સફરને યાદ કરીને ફિલ્મમેકર્સનો આભાર વ્યક્ત કર્યો કે જેમણે તેમની અભિનય ક્ષમતા પર વિશ્વાસ રાખ્યો અને તેમને યોગ્ય રોલ આપ્યા. મૃણાલે પોતાની સંઘર્ષભરી સફરને યાદ કરતાં કહ્યું, ''મારા ગયા જન્મના કર્મ છે કે મને આટલો પ્રેમ મળે છે અને આટલા વખાણ થાય છે.''મૃણાલે આગળ કહ્યું, ''હું ખરેખર ખૂબ જ ભાવવિભોર થઈ ગઈ છું.

આ બધાં વર્ષોમાં જે સંઘર્ષ અને રિજેક્શન મળ્યા, તે બધું આ દિવસ માટે જ હતું અને હવે મને લાગે છે કે એ બધું સંપૂર્ણપણે યોગ્ય હતું.''મૃણાલે ખાસ નોંધ્યું કે 'ડકેતૈ'ની સફળતા પાછળ અનેક વિભાગોની મહેનત છે. ''લેખકો, દિગ્દર્શક, સિનેમેટોગ્રાફર, એડિટર, સાઉન્ડ, મ્યુઝિક વગર આ ફિલ્મ અધૂરી છે. જો આમાંથી એક પણ બાબત હટાવી દો, તો ફિલ્મનું અસરકારક પરિણામ ન આવ્યું હોત. મને લાગે છે કે અમારી પાસે એક અદ્ભુત ટીમ છે અને અમે સાથે મળીને સુંદર યાદો બનાવી છે. હું આપ સૌ પ્રતિભાશાળી લોકોનો આભાર માનું છું કે તમે મારી ઉપર વિશ્વાસ રાખ્યો.''મૃણાલે આગળ કહ્યું, ''હું હંમેશા એ દિવસનું સપનું જોતી હતી જ્યારે ફિલ્મમેકર્સ મારી ઉપર વિશ્વાસ રાખશે અને મારા માટે ખાસ રોલ લખશે.

આજે જ્યારે મને કેમેરા સામે પર્ફોર્મ કરવાની તક મળે છે અને કંઈક ખાસ સર્જવાની તક મળે છે, ત્યારે મને લાગે છે કે આ જ સ્થિતિ મેં સ્વપ્નમાં જોઈ હતી અને મારા બધા સપનાં હવે સાચાં થઈ રહ્યાં છે.'''ડકેતૈ' એક એક્શન રોમેન્ટિક ડ્રામા છે, જે સુપ્રિયા યાર્લગડ્ડા દ્વારા અન્નપૂર્ણા સ્ટુડિયોઝ હેઠળ પ્રોડ્યૂસ કરવામાં આવી છે. ફિલ્મમાં અદિવી શેષ, મૃણાલ ઠાકુર અને અનુરાગ કશ્યપ મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે પ્રકાશ રાજ, સુનીલ, ઝૈન મેરી ખાન અને અતુલ કુલકર્ણી સહાયક ભૂમિકાઓમાં જોવા મળે છે.

# ''તું સાથે છે તો દિવસ રાત છે'' : આલિયાની રણબીરને એનિવર્સરી વિશ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૫

રણબીર કપૂર અને આલિયા ભટ્ટ ૧૪ એપ્રિલે તેમનાં લગ્નની ચોથી એનિવર્સરી ઉજવી રહ્યાં છે. આ ખાસ દિવસે, આલિયાએ સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ શેર કરી છે, જેમાં ઓસ્ટ્રિયન આલ્પ્સમાં તેમનાં હોલિડેની ઝલક જોવા મળે છે.આ કપલ લેચ નામના સુંદર ગામમાં આ ખાસ દિવસ ઉજવી રહ્યું છે, જે તેનાં બર્ફીલાં પહાડો માટે જાણીતું છે. આલિયાએ શેર કરેલી તસવીરો અને એક નાનકડા વિડિયોમાં બંને બરફમાં સમય વિતાવતાં જોવાં મળે છે, જેમાં સ્કીંગ અને ઠંડી વચ્ચે ગરમ પીણાં સાથે આરામમાં વિતી રહેલી ક્ષણો પણ જોવા મળે છે.આ પોસ્ટમાં તેની દીકરી રાહા કપૂરની પણ ઝલક જોવા મળે છે, જે આઉટિંગ દરમિયાન અલ્પાકાસ સાથે રમતી દેખાય છે. બરફથી ઢંકાયેલા પર્વતોમાં પરિવારની આ મસ્તીભરી ક્ષણો તસવીરોમાં કેદ કરવામાં આવી છે.તસવીરો શેર કરતાં આલિયાએ લખ્યું, ''ક્યાંક ગ્લાઈડિંગ અને પડી જવામાં, ચાલવામાં અને ઘણી વાતોમાં... અમે અમારું એક સુંદર જીવન બનાવી લીધું છે. ટૂંકમાં... તું સાથે છે તો દિવસ રાત છે.

# ઈન્ટરનેટ વર્લ્ડની વણઉકેલાયેલી મિસ્ટ્રી



આજે ઈન્ટરનેટ ખરા અર્થમાં લોકોને જોડનાર નેટવર્ક બની ગયું છે જયાં તમને વિશ્વની મોટાભાગની જાણકારી મળે છે અહી ઘણી મિસ્ટ્રી ઉકેલાય છે તો જન્મ પણ લે છે આ ઉપરાંત પણ ઈન્ટરનેટ પર ઘણું બનતું રહે છે.આજે આપણે ઈન્ટરનેટ વર્લ્ડમાં ઘટનારી એવી મિસ્ટ્રી વિશે વાત કરીશું જે ઉકેલ માંગી રહી છે.૨૦૧૧માં કેનેડામાં રહેનારી એક રહસ્યમય મહિલા કેરીન કેથરીને પોતાની ફેસબુક પર મોટાપ્રમાણમાં પોસ્ટ કરી હતી જે ઘણી વિચિત્ર હતી.તેમાં વિચિત્ર વાત એ હતી કે તેણે પોતે જ પોતાની પોસ્ટનો જવાબ અનેક વખત આપ્યો હતો.તેના પ્રોફાઈલ પ્રમાણે તેણે ટોરોન્ટો યુનિવર્સિટીમાંથી પીએચડીની ડીગ્રી મેળવી હતી.તેના જણાવ્યા પ્રમાણે તે અનેક દેશોમાં ફરી ચુકી હતી અને તેણે ફ્રેન્ચ, ઈસ્ટોનિયન, લેટેવિયન, અંગ્રેજી, રશિયન, ગેલિક, લેટીન અને જર્મન ભાષાનો અભ્યાસ કર્યો છે.તેના એકાઉન્ટ પર જે પોસ્ટ કરવામાં આવી છે તે અર્થહીન લાગે છે ત્યાં ઘણાં ફોટોગ્રાફ પણ મુકાયા છે તેની પોસ્ટમાં ઘણી કોન્સપેરિસ અંગે પણ તે વાત કરે છે જેમાં એફબીઆઈ, સીઆઈએ, ધ મેન ઈન બ્લેક, નાઝી વગેરેનો સમાવેશ થાય છે.તેની પોસ્ટ વાંચનારાઓને એ જ સમજ પડતી નથી કે આ મહિલા ખરેખર શું કહેવા માંગે છે.

મજાની વાત એ છે કે ૨૦૧૬ સુધી કોઈને પણ ખ્યાલ આવ્યો ન હતો કે તે મહિલાનું મુળ સ્થાન કયું છે.જો કે તેનું એકાઉન્ટ ફેસબુક પરથી ડિલીટ કરાયા બાદ તે મહિલા પણ રહસ્યમય રીતે ગાયબ થઈ ગઈ હતી.આ મહિલા ઈન્ટરનેટ વર્લ્ડ માટે આજે પણ એક કોયડા સમાન બની રહી છે.વર્ષ ૨૦૧૪ની નવમી ઓગસ્ટે યુ ટ્યુબ પર એક વીડિયો અપલોડ કરાયો હતો આ વીડિયો જોયા બાદ લોકોને આ વીડિયો કેમ અપલોડ કરાયો હતો તે જ સમજાયું ન હતું.આ વીડિયો દરદ્દપજ્જલ્ટજ્જલ્ટજ્જલ્ટપજ્જલ્ટજ્જલ્ટપજ્જલ્ટ૧૧ જેવા અજાણ્યા યુઝર્સ તરફથી અપલોડ કરાયો હતો.આ વીડિયોમાં બિહામણાં જંગલોથી માંડીને ફેસમોર્ફિંગની બિહામણી ઈમેજોનો સમાવેશ કરાયો છે.આ વીડિયોમાં ઘણાં અવાજોનો પણ ઉપયોગ કરાયો છે જે વિચિત્ર છે.આ વીડિયો ત્રીસ સેકન્ડનો છે અને તેની છેલ્લી ઈમેજ એક વેરાન રસ્તાની છે.કેટલાક તેને અર્થહીન ગણાવે છે તો કેટલાકને તે સિસાડા ૩૩૦૧ જેવી પઝલ લાગે છે.જ્યારે આ ટાઈટલની ગુગલ પર શોધ કરવામાં આવે છે ત્યારે તે ફિનલેન્ડનાં જંગલો દર્શાવે છે.આ વીડિયો પણ એક કોયડા સમાન બની ગયો છે.ઈન્ટરનેટર પર એક વેબસાઈટ ઓકટ૨૮૨૦૧૧. કોમ પ્રગટ થઈ હતી અને તેને જોયા બાદ તે કેમ બનાવાઈ હશે તેવું લોકો વિચારતા થઈ ગયા હતા.આ વેબસાઈટ પર અનેક પ્રકારની પઝલો અને મેસેજ મુકાયા છે જેના અંગે લોકોને કોઈ જ અંદાજો આવતો નથી.

આ સાઈટ સમયાંતરે બદલાતી રહે છે જેમાં મોટાભાગે તો અલગ અલગ પ્રકારની તસ્વીરો મુકાયેલી હોય છે જેને જોઈને લાગે છે તે કશુંક કહેવા માંગે છે જે રહસ્યમય છે.કેટલાક તેને માયા કેલેન્ડર સાથે સાંકળે છે કારણકે માયા કેલેન્ડર અનુસાર ૨૮ ઓકટોબર ૨૦૧૧ કયામતનો દિવસ હતો.જો કે તે બાબત આજે એક કથા જ બની ગઈ છે.આ વેબસાઈટ પર એક ફોન નંબર મુકાયો હતો જેને ડાયલ કર્યા બાદ માત્ર ઘોંઘાટનો અવાજ સંભળાય છે.જો કે આ વેબસાઈટ ૨૬ એપ્રિલ ૨૦૧૫માં ડાઉન થઈ ગઈ હતી અને આજે ત્યાં માત્ર કોરી જગા બાકી છે.આ વેબસાઈટ આજે પણ ઈન્ટરનેટ જગતનાં વપરાશકર્તાઓ માટે એક રહસ્ય જ બની રહી છે કોઈને તેના વિશે કે તેના બનાવનારા વિશે કોઈ જાણકારી નથી. ૨૦૦૩ થી ૯૭૩ઈએચટીનેમુહ-૯૭૩.કોમ નામની વેબસાઈટ લોકો માટે એક રહસ્ય બની ગઈ છે.આ વેબસાઈટ શરૂ થાય છે ત્યારે એક ત્રિકોણ નજરે ચડે છે જે એબીઆરએસીડીએબીઆરએ જેવા શબ્દો દર્શાવે છે.જો કે આ સાઈટ પર આના કરતા પણ વધારે વિચિત્ર શબ્દો જોવા મળે છે.આ સાઈટ પર વિચિત્ર શબ્દો ઉપરાંત વિચિત્ર તસ્વીરો અને નંબરો જોવા મળે છે જેનો દેખીતી રીતે કોઈ જ અર્થ જણાતો નથી.આ સાઈટ બ્રિટીશ કલાકાર ડેવિડ ડેનીસનની હોવાનું જણાય છે.આ સાઈટ પર જનારા લોકોને લાગે છે આ કોઈ વિચિત્ર ગણિતશાસ્ત્રીનું કામ છે.આ સાઈટ પર ઉંડા ઉતરતા તેમાં ઘણાં વિચિત્ર ફોટોગ્રાફ જોવા મળે છે આ સાઈટનો સ્પેલિંગ તૈયાર કરાય તો તે ધ હ્યુમન બને છે પણ ૯૭૩નો અર્થ હજી કોઈને સમજાયો નથી.આ નંબર સાઈટ પર ઘણી જગ્યાએ જોવા મળે છે પણ તેનો અર્થ શો છે તે કયાંય જણાવાયું નથી.

આ સાઈટ પર માત્ર એક પોસ્ટ જોવા મળે છે જે ૨૦૦૭માં પોસ્ટ કરાઈ હતી જેનું શિર્ષક હતું યુનિવર્સલ માઈન્ડ ધ માઈન્ડ ઓફ હ્યુમન કાઈન્ડ.આ સાઈટ પર ડેવિડ ડેનિસન હંમેશા સક્રિય હોવાનું જણાય છે.જહોન.કોમ નામની સાઈટ ઈન્ટરનેટ વાપનારાઓ માટે અજાણી નથી પણ આ સાઈટનો ખરેખર ઉદ્દેશ્ય કયો છે તે હજી પણ લોકોને સમજાતું નથી.આ સાઈટ પર ઘણી તસ્વીરો છે જે લોગઈન પેજ સાથે લિંક છે જો કે આ લોગઈન પેજને ખોલવા માટે કોડની જરૂર પડે છે જેની કોઈને કશી જ જાણકારી હોતી નથી.આ સાઈટનો માલિક કોઈ કેલિફોર્નિયાનાં ક્યુપરટીનોનો જહોન લિટલ હોવાનું જણાયું હતું.

મજાની વાત એ છે કે આ સાઈટનો કોડ તોડવાનો પ્રયાસ અનેક નિષ્ણાંતોએ કર્યો હતો પણ તેમાં તેમને સફળતા મળી ન હતી તેમનાં માટે પણ આ કાર્ય પડકારજનક સાબિત થયું હતું.કેટલાકને લાગે છે કે આ લોગઈન સ્કીનની પાર કોઈ ચેટરૂમ હશે.તો કેટલાકને લાગે છે કે આ માત્ર એક ટેસ્ટ છે.આ સાઈટ લગભગ ૧૯૯૪થી અસ્તિત્વ ધરાવે છે પણ તેની પાછળ ખરેખર કોણ છે તે કોઈને ખબર નથી આ સાઈટ એટલી તો રહસ્યમય છે કે તેના ડોમેઈનને જો વેચવામાં આવે તો તેની અઢળક કિંમત મળી શકે છે.ઈલ્યુમિનાટી સાથે સંકળાયા હોવાનો દાવો કરતી અનેક વેબસાઈટ ઈન્ટરનેટ વર્લ્ડમાં અસ્તિત્વ ધરાવે છે.જેમાંની એક સાઈટનું નામ છે ઈલ્યુમિનેટીઓર્ડર.ઈન્ફો.તેના હોમ પેજ પર ઈલ્યુમિનાટી જેવો દેખાવ ધરાવતા પિરામીડની સામે બે સ્ફિંકસની તસ્વીર છે.જેમાં ડાબી તરફનાં સ્ફિંકસ પર કલીક કરતા એક કોયડો દેખાય છે જેને ઉકેલ્યા બાદ તેમાં પ્રવેશ મળી શકે છે.આ કોયડામાં કહેવાયું છે કે એવી કઈ વસ્તુ છે જે એક અવાજમાં બોલે છે પણ સવારે ચાર પગે ચાલે છે બપોરે બે પગે અને સાંજે ત્રણ પગે ચાલે છે.

આ કોયડાનો ઉકેલ હ્યુમન કહ્યાં બાદ તેમને બીજો કોયડો મળે છે.જો કે લોકોને આ સાઈટ કેમ બનાવાઈ છે તે જ સમજાતું નથી.આ સાઈટ પર નવમી સપ્ટેમ્બર ૨૦૧૨થી એક ઘડિયાળ દર્શાવવામાં આવે છે અને આ ઘડિયાળ પણ લોકો માટે તો એક કોયડો જ બની રહી છે.હાલમાં આ ઘડિયાળ તો દેખાય છે પણ તેનું કાઉન્ટડાઉન બંધ થઈ ગયું છે.આ સાઈટનો માલિક માર્ક પેસ હોવાનું જણાયું હતું જે વ્યવસાયે પત્રકાર છે જેની અન્ય એક સાઈટ વ્હાઈટહાઉસ.ઓર્ગ પર જ્યોર્જ બુશની મજાક ઉડાવવામાં આવતી હતી.ઈન્ટરનેટનાં પ્રારંભિક દિવસો દરમિયાન ગ્લોબલ મેસેજ બોર્ડ યુઝનેટ પર અનેક પ્રકારનાં રહસ્યમય સંદેશાઓ મુકાયા હતા જેને ત્યારે પણ કોઈ ઉકેલી શક્યું ન હતું.આ સંદેશાઓનો આરંભ ૧૯૯૬થી થયો હતો જેનું શિર્ષક હતું માર્કોવિયન પેરેલેકસ ડેનિગ્રેટ.આ શિર્ષક હેઠળ હજારો સંદેશાઓ મુકાયા હતા.કેટલાક ચાલાક યુઝર્સે તે સંદેશાઓને ટ્રેક કરવાનો પ્રયાસ કર્યો હતો અને તેમને જણાયું હતું કે તે સંદેશાઓ સુસાન લિન્ડર દ્વારા મુકાયા હતા જે પત્રકાર હતી અને તેની સદ્દામ હુસૈન વતી જાસુસી કરવાનાં મામલે ધરપકડ કરાઈ હતી.જો કે તેણે આ સંદેશાઓ પોસ્ટ કર્યાનો ઈક્રાર કર્યો હતો.આ સંદેશાઓને ઉકેલવાનો પ્રયાસ અનેક નિષ્ણાંતો દ્વારા કરાયો હતો પણ કોઈને તેમાં સફળતા સાંપડી ન હતી.આજે યુઝનેટ પર એક સંદેશો સચવાયેલો જોવા મળે છે.૨૦૧૩ની આસપાસ ઈન્ટરનેટ પર એફ ૦ ૪ સી બી ૪ ૧ એફ ૧ ૫૪ડીબીટુએફ૦૫એ૪એ દ્વારા રહસ્યમય કોડને પોસ્ટ કરવાનો આરંભ થયો હતો અને આજે પણ આ સંદેશાઓને કોઈ ઉકેલી શક્યું નથી.

જો કે આ કોયડાઓની સાથે અંગ્રેજીમાં હેલ્પ અને પ્લીઝ હેલ્પ અસ નામનો સંદેશો મુકાયો હતો.

આ સંદેશાઓની સાથે પેલા રહસ્યમય કોડ તો પોસ્ટ કરવાના ચાલુ જ હતા.જો કે આ સંદેશાઓને ઉકેલવાનો પ્રયાસ તો થયો હતો પણ તેનો અર્થ ત્યારે પણ કોઈને સમજાયો ન હતો અને આજે પણ તે કોડ વણઉકલ્યા જ છે.રેડિટ પર આ પ્રકારનાં રહસ્યમ કોડ પોસ્ટ થતાં જ રહે છે.એ ૮૫૮ ડીઈ૪૫ એફ૫૬ડી૯બીસી૯ દ્વારા પ્રતિદિન આવા જ સંદેશાઓ પોસ્ટ કરાયા હતા જે તેણે એક વર્ષ સુધી પોસ્ટ કર્યા હતા.આ પોસ્ટ જો કે કોઈ માનવી દ્વારા કરાઈ છે કે રોબોટ દ્વારા તે પણ લોકોને સમજાયું ન હતું.જો કે આ પોસ્ટ ત્યારબાદ ત્યાંથી ડિલિટ કરી દેવામાં આવી હતી.ઈન્ટરનેટ પર ૧૧બી-એકસ - ૧૩૭૧નાં નામે એક વીડિયો પોસ્ટ કરાયો હતો જેમાં એક વ્યક્તિ જંગલમાં પ્લેગ ડોકટરનાં વેશમાં જણાય છે.જેના હાથમાં એક ચમકારો મારતી લાઈટ હોવાનું દેખાય છે.આ વીડિયોમાં ઘણાં અવાજોનો ઉપયોગ કરાયો છે.આ વીડિયો ઓકટોબર ૨૦૧૫માં નેટ પર લોકપ્રિય બની ગયો હતો.આ વીડિયો એડિટર જહોની ક્રેબિલરને મેલમાં મળ્યો હતો જે તેમણે ગેજેટ ઝેડઝેડમાં પોસ્ટ કર્યો હતો.આ વીડિયો જો કે કોણે બનાવ્યો છે તે કોઈને ખબર નથી.આ વીડિયોમાં જે સ્થળ દેખાય છે તે વોર્સોનું છે જે ઝોફિવ્કા સેનેટોરિયમ તરીકે જાણીતું છે.

જો કે નવેમ્બર ૨૦૧૫માં ટવીટર એકાઉન્ટ પર દાવો કરાયો હતો કે પાર્કર રાઈટે આ વીડિયો તેના આર્ટ પ્રોજેકટ માટે તૈયાર કર્યો હતો.તેણે જણાવ્યું હતું કે તે પોલેન્ડમાં રહેનાર એક અમેરિકન નાગરિક છે અને તેણે આ પ્રકારની બે ડિસ્ક લોકોમાં વહેંચી હતી.

રાઈટે પડકાર આપ્યો હતો કે કોઈપણ વ્યક્તિ તેના પ્લેગ ડોકટરનાં કોસ્ચ્યુમની નકલ કરી શકતું નથી.જો કે અનેક લોકો માને છે કે પાર્કરે પેલો ઓરિજનલ વીડિયો બનાવ્યો હશે કારણકે જે નવો વીડિયો છે તેમાં ઘણી વસ્તુઓ અલગ છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં યોજાયું નારીશક્તિ વંદન સંમેલન

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં યોજાયેલા 'નારી શક્તિ વંદન સંમેલન'ના અધ્યક્ષ સ્થાનેથી સ્પષ્ટ પણે જણાવ્યું કે, વિમેન લેડ ડેવલપમેન્ટ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭નું નિર્માણ કરીને નારી શકિતની સહભાગિતાનો નવો ઈતિહાસ વિધાનસભાથી લઈને સંસદ સુધી મહિલાઓની ૩૩ ટકા ભાગીદારીથી રચાય તે માટે આ બિલ સમયસર અમલમાં લાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, નીતિ-નિર્ધારણની પ્રક્રિયામાં મહિલાઓની નિર્ણાયક ભૂમિકાથી શાસન વ્યવસ્થામાં વધુ સંવેદનશીલતા, પારદર્શિતા અને સંતુલન આવશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીની પ્રેરણાથી ૨૦૨૩માં નારી શક્તિ વંદન અધિનિયમ પસાર ૨૧મી સદીના ભારતના ઈતિહાસમાં આ વર્ષ સુવર્ણ અક્ષરે લખાયું છે. સંસદના બંને ગૃહોમાં પસાર થયેલો 'નારી શક્તિ વંદન અધિનિયમ' માત્ર મહિલા અનામતનો કાયદો નથી, પરંતુ રાજકીય ફલક પર ક્રાંતિ લાવનારો ઐતિહાસિક દસ્તાવેજ છે તેમ તેમણે ઉમેર્યુ હતુ.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નારી શક્તિ વંદન અધિનિયમ દ્વારા મહિલા સશક્તિકરણ ક્ષેત્રે મહત્વનું પગલું ભરવા જઈ રહ્યા છે. આ માટે સંસદનું વિશેષ સત્ર ત્રણ દિવસ માટે યોજાવાનું છે. ભારતીય સંસ્કૃતિમાં નારીને હંમેશા પૂજનીય સ્થાન આપવામાં આવ્યું છે અને આ અધિનિયમ તેને નવી ઊંચાઈઓ પર લઈ જશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગૌરવપૂર્વક કહ્યું કે, વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ગુજરાત હંમેશા મહિલાલક્ષી નીતિઓ અને નારી સશક્તિકરણનું પ્રણેતા રહ્યું છે. રાજ્યમાં પશુપાલન અને ડેરી ક્ષેત્રમાં થયેલી ક્રાંતિની સફળતા પાછળ પરિશ્રમી બહેનોનો સિંહફાળો છે.

તેમની જ પ્રેરણાથી રાજ્યમાં એક દાયકા પહેલા જ પંચાયતી રાજ વ્યવસ્થામાં મહિલાઓને ૫૦ ટકા અનામત આપીને સ્થાનિક સ્વરાજમાં નિર્ણાયક ભૂમિકા આપવામાં આવી છે. મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં મહિલાઓના સામાજિક-આર્થિક ઉત્થાન માટેની વિવિધ યોજનાઓની ભૂમિકા આપતા કહ્યું કે, લાખો બહેનોએ સખી મંડળો દ્વારા આત્મનિર્ભર બની માઈક્રો એન્ટરપ્રિન્યોર તરીકે પોતાની આગવી ઓળખ બનાવી છે. ગંભીર બીમારીઓ સામે ઁસ્તઇછરૂનું સુરક્ષા કવચ અને ઉજજવલા યોજના થકી ધુમાડા મુક્ત રસોડા જેવી અનેક મહિલાલક્ષી યોજનાઓએ તેમના સ્વાસ્થ્ય અને જીવનધોરણમાં સુધારો કર્યો છે. ગરીબ અને મધ્યમ વર્ગ માટે આશીર્વાદરૂપ આઁસ્તઇછરૂ યોજનામાં સારવાર બાદ ઘરે જવા માટે પણ સરકાર રૂ. ૩૦૦ની સહાય આપે છે. નમો ડ્રોન દીદી અને લખપતિ દીદી જેવી નવીન યોજનાઓ દ્વારા દેશની કરોડો બહેનોને આર્થિક સ્વાતંત્રતા અને ગૌરવપૂર્ણ જીવન મળ્યું છે.

કેન્દ્ર સરકારની દરેક યોજનાના કેન્દ્રસ્થાને છેવાડાના માનવી અને નાના માણસોનું આત્મસન્માન રહેલું છે. કેન્દ્ર સરકારની ગરીબ કલ્યાણલક્ષી અનેક યોજનાઓના પરિણામે ૨૫ કરોડ જેટલા લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે તેમ તેમણે ઉમેર્યુ હતું. 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના પ્રયાસ'ના મંત્ર સાથે વિકસિત ગુજરાત અને વિકસિત ભારતના નિર્માણમાં નારી શકિત ખભેખભા મિલાવીને આગળ વધશે તેવો વિશ્વાસ આ તકે મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. નારી શક્તિની દ્રઢતા અંગે મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, પરિવારમાં માતા, દીકરી કે પત્ની કોઈપણ ભૂમિકામાં નારી હંમેશા મક્કમતાથી ઉભી રહે છે. આ નારી શકિત વંદન અધિનિયમના પરિણામે હવે રાજ્ય અને દેશના વિકાસમાં યોગદાન આપતી થશે અને વિકસિત ભારત માટે 'વિકસિત ગુજરાત'નું લક્ષ્ય પણ સાકાર થશે.

નારીશકિત વંદન સંમેલનમાં પોતાના વિચારો રજૂ કરતા ગાંધીનગરના મેયર શ્રી મીરાબેન પટેલે જણાવ્યું હતું કે, રાજયના વિકાસમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની મહત્વપૂર્ણ ભૂમિકાની સાથે આ વિકાસ યાત્રામાં મહિલાઓનું યોગદાન માર્ગદર્શક તરીકેનું છે. આજે રાજયમાં મહિલાઓ શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગ, સેવા, સ્ટાર્ટઅપ અને શાસન ક્ષેત્રમાં સક્રિય રીતે આગળ વધી રહી છે એટલું જ નહીં પણ તેઓ પોતાના વિકાસની સાથે સમગ્ર રાજયની પ્રગતિમાં સહભાગી બની છે. સ્વચ્છતા, આરોગ્ય, પાણી વ્યવસ્થાપન, શિક્ષણ અને સામાજિક વિકાસ જેવા ક્ષેત્રોમાં મહિલાઓએ ઉત્તમ કામગીરી કરી છે, ત્યારે આ પુષ્ઠભૂમિમાં નારીશક્તિ વંદન અધિનિયમ એક ઐતિહાસિક અને દિશાસૂચક પગલું છે. આ અધિનિયમ દ્વારા લોકસભા અને વિધાનસભામાં મહિલાઓ માટે ૩૩ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી છે. આ અવસરે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રત્યે તેમણે કૃતજ્ઞતા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, તેમના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ નારી શક્તિવંદન અધિનિયમ અમલમાં આવશે જે મહિલાઓને નિર્ણય પ્રક્રિયામાં સમાન અને સશક્ત ભાગીદારી આપવાનો ઐતિહાસિક પ્રયાસ બનશે. આ કાયદો માત્ર સંખ્યામાં વધારો લાવવાનો નથી પરંતુ મહિલાઓના જીવનમાં ગુણવત્તાયુક્ત પરિવર્તન લાવવાનો એક મહત્વપૂર્ણ પ્રયાસ છે. આ પ્રસંગે પદ્મશ્રી વિજેતા શ્રીમતી રમીલાબેન ગામીતે જણાવ્યું હતું કે, જ્યારે મહિલાઓને યોગ્ય તક અને પ્રોત્સાહન મળે છે, ત્યારે તેઓ સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન લાવી શકે છે. ગ્રામીણ પૃષ્ઠભૂમિ અને મર્યાદિત શિક્ષણ હોવા છતાં, તેમણે અત્યાર સુધીમાં ૧૬૨ જેટલા સ્વ-સહાય જૂથો કાર્યરત કર્યા છે.

આ જૂથો દ્વારા બહેનોને કડિયાકામ, સિલાઈ, બ્યુટી પાર્લર અને વેસ્ટમાંથી બેસ્ટ બનાવવાની તાલીમ આપીને આર્થિક રીતે સદ્ધર કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત તેમણે ગામડાઓમાં સ્વચ્છતા અભિયાન અને સુકન્યા સમૃદ્ધિ જેવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાની મહિલાઓ સુધી પહોંચાડવા માટે ભગીરથ પ્રયાસો કરી રહ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલે મહિલાઓના અધિકાર અને સન્માનના મહત્વ પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સમાજના સર્વાંગી વિકાસમાં નારીશકિતની ભૂમિકા અનિવાર્ય છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત હંમેશા શિક્ષણ, આરોગ્ય અને રોજગારી ક્ષેત્રે મહિલાઓને પ્રોત્સાહન આપવામાં અગ્રેસર રહ્યું છે. હાલમાં ગુજરાતમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં મહિલાઓ

મોટી સંખ્યામાં ઉમેદવારી કરી રહી છે, જે રાજ્ય માટે ગર્વની વાત છે. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ મહિલા સશક્તીકરણને વધુ વેગ મળશે અને મહિલાઓ રાજકીય ક્ષેત્રે પણ પોતાની પ્રતિભા સાબિત કરી રહી છે, તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અમલમાં આવેલા 'નારીશક્તિ વંદન અધિનિયન'ની પ્રશંસા કરતા કહ્યું કે, ૩૩ ટકા અનામત દ્વારા મહિલાઓને રાજકીય ભાગીદારીનો નવો માર્ગ મળ્યો છે. આ અધિનિયન માત્ર કાયદો નથી, પરંતુ સામાજિક પરિવર્તનનું એક શક્તિશાળી સાધન છે. 'સશક્ત નારી, સશક્ત સમાજ, સશક્ત રાષ્ટ્ર'ના સંકલ્પ સાથે તેમણે દરેક નારીને સ્વાભિમાની અને આત્મનિર્ભર બની રાષ્ટ્રના નિર્માણમાં સહયોગ આપવા આહવાન કર્યું હતું.

આ પ્રસંગે વુમન એમ્પાવરમેન્ટ અને ગ્લોબલ બિઝનેસ વિઝન પર ભાર મૂકતાં ૢૈંઝઝૈં મહિલા વિંગ અમદાવાદના ચેરપર્સન શ્રી ઉષા જયસ્વાલે કહ્યું હતું કે, મહિલાઓ માટે વ્યવસાય માત્ર નફો કમાવવાનું સાધન નથી, પરંતુ મૂલ્ય નિર્માણ અને સમાજ સાથે જોડાવાનો માર્ગ છે. ભારતીય મહિલા ઉદ્યોગસાહસિકોમાં વૈશ્વિક સ્તરે સ્પર્ધા કરવાની સંપૂર્ણ ક્ષમતા રહેલી છે. આજે મહિલાઓ માત્ર સહભાગી નથી, પરંતુ લીડર્સ અને ચેન્જ મેકર્સ બની છે. આ કાર્યક્રમમાં BAOU ના વાઈસ ચાન્સેલર ડૉ. અમી ઉપાધ્યાય, ઉદ્યોગ સાહસિક શ્રી તૃપ્તિ જૈન અને પારૂ જયક્રિષ્ના સહિત મોટી સંખ્યામાં વિવિધ ક્ષેત્રની મહિલાઓ અને સખી મંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

# ગુજરાતની રગ્બી વીરાંગનાઓ રાષ્ટ્રીય ફલક પર ચમકવા સજ્જ: સિનિયર મહિલા ટીમ બિહાર જવા રવાના




ગુજરાતની રગ્બી રમત માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે. આગામી ૧૬ અને ૧૭ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન બિહારના રાજગીર ખાતે યોજાનારી 'સિનિયર નેશનલ મહિલા રગ્બી સેવન્સ ચેમ્પિયનશિપ ૨૦૨૬'માં ભાગ લેવા માટે ગુજરાતની સિનિયર મહિલા ટીમ ગાંધીનગરથી ઉત્સાહભેર રવાના થઈ છે.

આ ટીમનું નેતૃત્વ કેપ્ટન નમ્રતા કરી રહ્યા છે. ખેલાડીઓના મનોબળ અને રમતને વધુ ધારદાર બનાવવા માટે ટીમની સાથે મુખ્ય કોચ તરીકે વેદાંતભાઈ, મેનેજર તરીકે અજાબ અને ફિઝિયો તરીકે સંસ્કૃતિ જોડાયા છે. રાષ્ટ્રીય સ્તરની આ સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા માટે ટીમે ૨ એપ્રિલથી ૧૪ એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ગાંધીનગરની ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે કઠિન પ્રેક્ટિસ કરી હતી. આ સઘન ટ્રેનિંગ કેમ્પમાં ખેલાડીઓની શારીરિક ફિટનેસ, ગેમ પ્લાનિંગ અને પરસ્પર તાલમેલ- ટીમ કોઓર્ડિનેશન પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. રગ્બી ગુજરાતના સ્થાપક અને સચિવ ડૉ. દીપ રાવલએ ટીમને પ્રોત્સાહિત કરતા જણાવ્યું હતું કે, "ટ્રેનિંગ કેમ્પ દરમિયાન ખેલાડીઓએ અદભૂત મહેનત અને સમર્પણ દર્શાવ્યું છે. ટીમની તૈયારી અને જીતવા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા પ્રશંસનીય છે. અમને પૂરો વિશ્વાસ છે કે આ ટીમ રાષ્ટ્રીય સ્તરે વિજેતા બનીને ગુજરાતનું નામ રોશન કરશે."

નોંધનીય છે કે, ગુજરાતની આ જ મહિલા ટીમે તાજેતરમાં ડિસેમ્બર ૨૦૨૫માં અજમેર રાજસ્થાન ખાતે યોજાયેલી 'વેસ્ટ ઝોન અસ્મિતા રગ્બી ચેમ્પિયનશિપ'માં રજત ચંદ્રક જીતીને પોતાની ક્ષમતા સાબિત કરી છે. આ સફળતા બાદ ખેલાડીઓનો આત્મવિશ્વાસ બમણો થયો છે.

રગ્બી ગુજરાત પરિવાર અને રમતપ્રેમીઓ તરફથી સમગ્ર ટીમને નેશનલ ચેમ્પિયનશિપમાં શ્રેષ્ઠ પ્રદર્શન માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

# કેસર કેરીની ૧૭૫૩૩ બોક્સની મબલખ આવક

(સંપૂર્ણ સમાચાર સેવા)
રાજકોટ, તા.૧૫

સૌરાષ્ટ્રના પ્રખ્યાત ગોંડલ માર્કેટ યાર્ડમાં કેસર કેરીની આવકમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે. સીઝનની શરૂઆતમાં જ માર્કેટ યાર્ડમાં એક જ દિવસમાં ૧૭,૫૩૩ બોક્સ કેસર કેરીની મબલખ આવક નોંધાઈ હતી. બજારમાં રસીલા ફળની આવક વધતા યાર્ડમાં કેરીની ખરીદી જોવા મળી રહી છે.માર્કેટ યાર્ડના સૂત્રોએ જણાવ્યું હતું કે, હાલ યાર્ડમાં ૧૦ કિલો કેસર કેરીના બોક્સ દીઠ ૩,૦૦૦થી ૪,૦૦૦ સુધીના ભાવ બોલાઈ રહ્યા છે. વેપારીઓના જણાવ્યા અનુસાર, મધ્ય એપ્રિલથી સૌરાષ્ટ્રની કેસર કેરીની આવક પૂરજોશમાં શરૂ થઈ ગઈ છે.

ડિસેમ્બર-જાન્યુઆરીમાં ફૂલ બેસવાનો સમય આશાસ્પદ રહ્યો હતો, પરંતુ ત્યારબાદ તાપમાનમાં ફેરફાર અને રોગચાળાની અસરને કારણે આ વર્ષે સરેરાશ પાક મળ્યો છે.ખેડૂતોએ જણાવ્યું હતું કે, જાન્યુઆરી બાદ જે ફૂલ આવ્યા તે ફળમાં પરિણમ્યા છે અને મે મહિનામાં સપ્લાય પૂરજોશમાં રહેશે. મે મહિનાના મધ્યથી જૂનની શરૂઆત સુધી ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષે પાક ઓછો હોવા છતાં સમગ્ર સીઝન સારી રહેવાની આશા વ્યક્ત કરવામાં આવી છે.

# ભરૂચ જિલ્લામાં અખાત્રીજના પર્વે બાળલગ્ન અટકાવવા વહીવટી તંત્ર સજ્જ

બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ -૨૦૦૬ અંતર્ગત " બાળ લગ્ન એ કાનૂની અપરાધ છે. - આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, હિન્દુ પંચાગ મુજબ તા.૧૯/૦૪/ ૨૦૨૧ ના દિવસે "અક્ષયતૃતીયા" (અખાત્રીજ) ના શુભ દિવસે તથા અન્ય દિવસમાં ખુબ મોટા પ્રમાણમાં વિવિધ સમાજોમાં લગ્નો યોજતા હોય છે.

જેમાં ખાસ બાળલગ્નો ન થાય તે માટે સમુહ લગ્નોના આયોજકો, સામાજિક આગેવાનો, ગોર મહારાજ, લગ્ન કરાવનાર કાજી, રસોઈયા, મંડપ ડેકોરેશન, ફોટોગ્રાફર તથા લગ્ન કરાવનાર વર અને કન્યા પક્ષના બન્ને પરિવારોને જણાવવાનું કે, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ - ૨૦૦૬ મુજબ છોકરીના લગ્ન ૧૮ વર્ષ પહેલા અને છોકરાના લગ્ન ૨૧ વર્ષ પહેલા થાય એ સજાપાત્ર ગુનો છે. અને સામાજિક દુષણ પણ છે. બાળલગ્નના કારણે દિકરા - દિકરીઓના આરોગ્ય પર ઘણી જ વિપરીત અસર થાય છે. તેથી બાળ -લગ્ન ન થાય તે સમાજમાં જરૂરી છે, તેથી આપના વિસ્તારમાં આપના ગામમાં કે આપના મહોલ્લામાં બાળ-લગ્ન ન થાય તેની તકેદારી રાખવી અન્યથા બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ -૨૦૦૬ મુજબ રૂ.૧,૦૦,૦૦૦/- (અકે રૂપિયા એક લાખ સુધીનો દંડ) અને બે વર્ષ સુધીની કેદ થઈ શકે છે.

જેથી જો બાળ લગ્ન થતા જોવા મળે તો આપની સામાજિક જવાબદારી સમજી આવા બાળલગ્ન અટકાવવા માટે સમાજ સેવાના ભાગરૂપે નજીકના પોલીસ સ્ટેશન અથવા આપેલ હેલ્પલાઈન નંબરો પર જાણ કરી શકાય છે.

જો ક્યાંય પણ બાળલગ્ન થતા હોવાની જાણકારી મળે, તો નાગરિકો તરત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરી, ભરૂચ ના ફોન નંબર ૦૨૬૪૨-૨૬૩૮૨૩ અથવા જિલ્લા બાળ સુરક્ષા એકમ ના નંબર ૦૨૬૪૨-૨૫૦૩૧૫ પર સંપર્ક કરી શકે છે. આ ઉપરાંત, તાત્કાલિક સહાય માટે ચાઈલ્ડ લાઈન (૧૦૯૮), પોલીસ (૧૦૦) અથવા મહિલા અભયમ (૧૮૧) હેલ્પલાઈન નંબર પર પણ જાણ કરી શકાય છે. તેમ ઉપરોક્ત તમામ વિગતો જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા આપેલ એક અખબારી યાદીમાં જણાવવામાં આવી છે.

# નર્મદા જિલ્લામાં મતદાર જાગૃતિ માટે અનોખો પ્રયત્ન : વધુમાં વધુ મતદાન કરવા અપીલ

રાજપીપળા,

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ-૨૦૨૬ અંતર્ગત નર્મદા જિલ્લામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા રાજપીપલા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓનું મતદાન તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬ (રવિવાર)ના રોજ યોજાનાર છે. લોકશાહીનો પાયો મજબૂત બનાવવા માટે વધુમાં વધુ મતદારો મતદાનમાં ભાગ લે તે અત્યંત આવશ્યક હોવાથી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર જાગૃતિ માટે વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

આ હેતુસર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી દ્વારા સ્વીપ (જીફઈઈ) એક્ટિવિટી અંતર્ગત શાળા, ગામ, શેરી, મહોલ્લા તેમજ જાહેર સ્થળોએ વિવિધ જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જેના ભાગરૂપે તા. ૧૪ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સાંજે રાજપીપળા શહેરમાં કાલાઘોડા સર્કલ નજીક પ્રાથમિક શાળાના શિક્ષકો દ્વારા શેરી નાટકના માધ્યમથી અનોખો લોકજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ નાટક દ્વારા મતદાનનું મહત્વ, લોકશાહી પ્રત્યેની નાગરિક જવાબદારી અને "દરેક મત કિંમતી છે" તેવો સંદેશો અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી નિશાંત દવે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક યોજાયો હતો. કાર્યક્રમને સ્થાનિક નાગરિકો તેમજ અહીંથી પસાર થતા લોકોએ ઉત્સાહપૂર્વક નિહાળ્યો હતો અને વધુમાં વધુ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. મતદાન પ્રત્યે લોકોમાં જાગૃતિ વધે અને મતદાનની ટકાવારીમાં વધારો થાય તે માટે આવા સર્જનાત્મક કાર્યક્રમો મહત્વપૂર્ણ સાબિત થઈ રહ્યા છે.

અંતમાં જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ મતદારોને આવનારી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરીને લોકશાહીને મજબૂત બનાવવાની અપીલ કરવામાં આવી હતી.

# આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા ખાતે ભાજપાની ચુંટણી પ્રચાર સામગ્રી અને સાહિત્યનું નિદર્શન કરાયું

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, આજે ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', કોબા, ગાંધીનગર ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત ભાજપાની ચુંટણી પ્રચાર સામગ્રી અને સાહિત્યનું નિદર્શન કરવામાં આવ્યું હતું. પ્રદેશ ભાજપાના મુખ્ય પ્રવકતા ડૉ. અનિલભાઈ પટેલે પત્રકાર પરિષદ સંબોધતા આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, ગુજરાતભરમાં જનતા તરફથી ભારતીય જનતા પાર્ટીને વિશાળ જનસમર્થન મળી રહ્યું છે. વિકાસ, સુશાસન અને જનકલ્યાણના કાર્યોના આધારે જનતાના વિશ્વાસ સાથે ભાજપા ચૂંટણી પ્રચારમાં અગ્રેસર બની રહી છે.


જનસમર્થન ભાજપને, જનસમર્થન વિકાસને સૂત્ર જનતાના મૂડ પરથી ચરિતાર્થ થતું જોવા મળી રહ્યું છે. તેમણે કહ્યું કે, ભારતીય જનતા પાર્ટી ચુંટણી પ્રચાર પ્રસાર અંતર્ગત ડોર ટુ ડોર જનસંપર્ક, ડિજીટલ પ્રચાર તેમજ ગીત- સંગીત દ્વારા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ તથા સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકાર તેમજ શ્રી ભુપેન્દ્રભાઈ પટેલના વડપણ હેઠળની રાજ્ય સરકારની લોકહિતની અને વિકાસની કામગીરી તથા જનકલ્યાણકારી યોજનાઓની માહિતી નાગરિકો સુધી પહોંચાડતી હોય છે.

કુલ ત્રણ તબક્કામાં ચાલનારું ભાજપાનું પ્રચાર અભિયાન હાલ બીજા તબક્કામાં છે, પ્રથમ તબક્કો ઉમેદવારી ફોર્મ ભર્યા પૂર્વે પૂર્ણ થયો અને ત્રીજો તબક્કો મતદાન સુધી પૂર્ણ થશે.

આ વખતે પણ વિવિધ પ્રકારની ચુંટણી પ્રચાર સામગ્રી ભારતીય જનતા પાર્ટી દ્વારા તૈયાર કરાઈ છે જેમાં પ્રચાર સાહિત્ય પત્રિકા, યોજનાઓ અને વિકાસકાર્યોની માહિતી સાથેના બેનર સાથે કમળના નિશાન સાથેની નાના બાળકો માટેની વસ્તુઓથી લઈને મોટી ઉંમરના વ્યક્તિઓ ઉપયોગમાં લઇ શકે તેવી વૈવિધ્યસભર સામગ્રી તૈયાર કરવામાં આવી છે. આ તમામ પ્રચાર પ્રસાર સાહિત્યને તમામ સ્થળોએ ભાજપાના પ્રચાર અભિયાનને વેગ આપવા માટે ઉપયોગમાં લેવાશે.

બુથ સ્તર સુધીની ભાજપાની મજબૂત સંગઠનશક્તિ સાથે ભાજપાનું ચૂંટણી અભિયાન પ્રભાવી રીતે ચાલી રહ્યું છે ત્યારે વિકાસકાર્યોના રિપોર્ટ કાર્ડના આધારે ગુજરાતની જનતા ફરી એક વખત ભાજપાને આશીર્વાદ આપશે તેવો ડૉ. અનિલભાઈ પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# શ્રી પરશુરામ સંગઠન અને ડીવાઈન ડેન્ટલ કેરના સહયોગથી ભરૂચમાં આરોગ્યલક્ષી સેમિનારનું આયોજન



શ્રી પરશુરામ જન્મોત્સવ નિમિત્તે શાળામાં ડેન્ટલ ચેકઅપ કેમ્પ અને ઁઁફ પેપીલો વાયરસ રસીકરણ સેમિનાર યોજાયો, શ્રી પરશુરામ જન્મોત્સવની ઉજવણીના ભાગરૂપે શ્રી પરશુરામ સંગઠન ભરૂચ જિલ્લા અને ડીવાઈન ડેન્ટલ કેરના સંયુક્ત ઉપક્રમે ડો. ગંગુબેન હડકર હાઈસ્કૂલ સહયોગથી શાળા સંકુલમા ડેન્ટલ ચેકઅપ કેમ્પ તથા માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું, આ પ્રસંગે અર્બન હેલ્થ સેન્ટર લાલબજારના સહયોગથી વિદ્યાર્થીનીઓ માટે ખાસ HPV રસીકરણ જાગૃતિ કાર્યક્રમ પણ યોજાયો હતો, ડીવાઈન ડેન્ટલ કેરના ડો. દિવ્યાબેન ગાંધીએ વાલીઓને માર્ગદર્શન તેમજ શાળાના આશરે ૨૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓના દાંતનું નિઃશુલ્ક નિરીક્ષણ કરી તેમને મુખના સ્વાસ્થ્ય અંગે જરૂરી સૂચનો આપ્યા હતા. કેમ્પમાં લાભ લેનાર દરેક બાળકને પ્રોત્સાહન રૂપે શૈક્ષણિક સાધનોની કિટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, કાર્યક્રમ દરમિયાન અર્બન હેલ્થ સેન્ટરના ડો. હેમાદ્રિ કંસારા અને ડો. ડિમ્પલબેને ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને ગર્ભાશયના કેન્સર સામે રક્ષણ આપતી HPV પેપિલો વાયરસ રસીનું મહત્વ સમજાવ્યું હતું.

?આ કાર્યક્રમમાં શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ ભરૂચ શહેરના પ્રમુખ હેમંત શુકલ, મહામંત્રી રાજુભાઈ ભટ્ટ, શ્રી પરશુરામ સંગઠનના સદસ્ય હરેશભાઈ પુરોહિત, રાજકુમાર દુબેજી તેમજ જનકભાઈ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવાર વતી કેમ્પસ ડિરેક્ટર બિપિનભાઈ જગડીશવાળા અને આચાર્ય મનહરભાઈ વાઘેલાએ મહેમાનોનું સ્વાગત કરી આ માનવસેવા લક્ષી પ્રવૃત્તિને બિરદાવી હતી. સમગ્ર આયોજનના સફળ સંચાલનથી વિદ્યાર્થીઓમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ ફેલાઈ હતી.

કોંગ્રેસ નેતાને ફોર્મ પાછું ખેંચવા દબાણ કરતા હતા

# વડોદરા: ભાજપ નેતા શૈલેષ મહેતાને ધક્કે ચઢાવાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)
વડોદરા, તા.૧૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા જ રાજકીય માહોલ ગરમાયો છે. વડોદરા જિલ્લાની ડભોઈ તાલુકા પંચાયતની કચેરી ખાતે આજે હાઈવોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. ડભોઈ તાલુકા પંચાયતની સાઠોદ બેઠકના કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ જબરજસ્તીથી પરત ખેંચાવવાના મુદ્દે ધારાસભ્ય શૈલેષ મહેતા (સોટા) અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઉગ્ર ઘર્ષણ થયું હતું. મળતી માહિતી મુજબ, સાઠોદ બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અરવિંદભાઈ પાટણવાડિયાનું ઉમેદવારીપત્ર ધાક-ધમકી કે દબાણ વશ પાછું ખેંચાવવા માટે ધારાસભ્ય શૈલેષ સોટા અને તેમનો પુત્ર પ્રયાસ કરી રહ્યા હોવાની જાણ કોંગ્રેસના કાર્યકરોને થઈ હતી. આ સમાચાર મળતા જ ડભોઈ તાલુકા કોંગ્રેસ પ્રમુખ સહિત મોટી સંખ્યામાં સાઠોદ ગામના રહીશો તાલુકા પંચાયત કચેરીએ ધસી આવ્યા હતા. કોંગ્રેસના કાર્યકરોએ ભાજપની 'દાદાગીરી' સામે ઉગ્ર સૂત્રોચ્ચાર કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. મામલો એટલો બિચક્યો હતો કે ૧૫-૨૦ મિનિટ સુધી કચેરીમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. ઉશ્કેરાયેલા ગ્રામજનો અને કોંગ્રેસ કાર્યકરોએ ધારાસભ્ય શૈલેષ સોટા અને તેમના પુત્રને ધક્કે ચડાવ્યા હતા. રાજકીય પ્રતિષ્ઠાના જંગમાં બંને પક્ષો સામસામે આવી જતાં મામલો ગંભીર બન્યો હતો. ઘટનાની જાણ થતાં જ ડભોઈ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી.કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે સત્તાધારી પક્ષ ભાજપ પોતાના ઉમેદવારોને બિનહરીફ બનાવવા માટે લોકશાહીનું હનન કરી રહ્યો છે

માલિક પંડયા નિરવ અનિલભાઈ મુદ્રક બિપીન જગદીશચંદ્ર ઉપાધ્યાય દ્વારા ઉપાધ્યાય પ્રિન્ટર્સ, પ્લોટ નં.૨૩૦૫, જીઆઈડીસી એસ્ટેટ, પાનોલી ૩૯૪૧૧૬, જી.ભરૂચ, ગુજરાત ખાતે મુદ્રિત કરી પ્રકાશક તેમજ સંપાદક પંડયા નિરવ અનિલભાઈએ બી/૧૩, ભાવના ફાર્મ, રાજપીપળા રોડ, અંકલેશ્વર, તા.અંકલેશ્વર,જી.ભરૂચ, ગુજરાત રાજય ખાતે સંપાદિત કરી પ્રકાશિત કર્યુ.
OWNED PANDYA NIRAV ANILBHAI, PRINTED BY PRINER BIPIN JAGDISHCHANDRA UPADHYAY AT UPADHYAY PRINTERS, PLOT NO. 2305, GIDC ESTATE, PANOLI-394116, DIST. BHARUCH, GUJARAT STATE, EDITED AND PUBLISHED BY PANDYA NIRAV ANILBHAI AT :B/13, BHAVNA FARM, RAJPIPLA ROAD, ANKLESHWAR, TA.ANKLESHWAR, DIST.BHARUCH, GUJARAT STATE.